અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ઓક્ટોબર ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૧૦

વર્ષ : ૧૬
અંક : ૧૦૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




**પીડિત પરિવારોને છ લાખની સહાયની જાહેરાત** | કડી તાલુકાના જાસલપુરમાં એક પ્રાઇવેટ કંપનીમાં કામ કરતી વખતે માટીની ભેખડ ધસી પડી : ૧૦ જેટલા શ્રમિકો દટાતા અફરાતફરીનો માહોલ સર્જાયા

## મહેસાણાની ખાનગી કંપનીમાં ભેખડ ધસી પડતા ૯ શ્રમિકોના મોત થયા

| (એજન્સી) મહેસાણા, તા.૧૨ |

મહેસાણાથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. અહીં કડીના જાસલપુર ખાતે ભેખડ ધસતાં ૧૦ શ્રમિકો દટાઈ ગયા હતા, જેમાંથી નવના મૃતદેહ મળી આવ્યા છે. આ દરમિયાન એક મજૂરને જીવિત બહાર કાઢવામાં આવ્યો છે, જે હાલ સારવાર હેઠળ છે. આ ઘટનામાં રાજ્ય સરકારે મૃતકોના પરિવારને ચાર લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની આર્થિક સહાય જાહેર કરી છે. એવી જ રીતે, કેન્દ્ર સરકારે મૃતકોના પરિવારજનોને રૂ. બે લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાયની જાહેરાત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કડી તાલુકાના જાસલપુરમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી વખતે માટીની ભેખડ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં ૧૦ જેટલા શ્રમિકો દટાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ સહિત અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.



આ ઘટનામાં માલિકની બેદરકારી સામે આવી છે. આ કામગીરી ચાલી રહી હતી ત્યારે કામદારોએ જણાવ્યું હતું કે, 'આ ભાગ જોખમી છે, મોટી દુર્ઘટના સર્જાઇ શકે તેમ છે. પરંતુ તેમની વાતની અવગણના કરાઈ હતી અને કામગીરી આગળ ધપાવી હતી. છેવટે નવી ફેક્ટરીની બની રહેલી દીવાલ ધસી પડી હતી.

આ ઘટનામાં મેનેજર અને સુપરવાઈઝર કૌશિક પરમાર સામે કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે સેફટીના સાધનો અભાવ હોવાનું પણ સામે આવ્યું છે. આ ઘટનામાં કોણ જવાબદાર છે તે અંગે તપાસ ચાલુ છે. પોલીસના મતે, માલિકો ભાગી ન જાય તેનું ધ્યાન રાખવામાં આવશે. આ દુર્ઘટના સર્જાતા દશેરાના દિવસે મહેસાણા પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મહેસાણાની દુર્ઘટનાની લઈને પીએમઓ દ્વારા ટ્વિટ કરીને લખ્યું હતું કે ગુજરાતના મહેસાણા નજીક ભેખડ ધસી પડવાની ઘટના અત્યંત દુખદ છે. જેમણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે, તેમના મારી પ્રત્યે શોક-સંવેદનાઓ. ઈશ્વર તેમને આ દુખ સહન કરવાનું શક્તિ આપે. આ સાથે જ હું ઈજાગ્રસ્તો જલદી સ્વસ્થ્ય થાય તેવી કામના કરું છું.

આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનો ને ૨ લાખની સહાય જાહેર કરી હતી. અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

**મૃતકોના નામ**

રાજુભાઈ મેડા રામપુરા ગામ

મુકેશ કમાલ ખામાસણ ગામ

આશિષ કાલીમહુડી ગામ

આયુષ્ય કાલીમહુડી ગામ

મહેન્દ્ર રમેશ બારૈયા રાજસ્થાન

જગન્નાથ રમેશ બારૈયા

અરવિંદ શંભુ ચારમચરા ગામ દાહોદ

માહિતી અનુસાર કડીના જાસલપુરમાં આવેલી એક ખાનગી સ્ટીલ કંપનીમાં આ ઘટના બની હતી. ત્યાં કંપનીમાં બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક જ માટીની ભેખડો ધસી હતી અને મજૂરો દટાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. અહેવાલ અનુસાર કુલ ૧૦ જેટલા મજૂરો તેમાં દટાયા હતા. જેમાંથી નવના મૃતદેહો કાઢી લેવામાં આવ્યા છે. મૃતદેહો કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી રહી છે. પરિવારજનો પહોંચતાં જ મૃતદેહ સોંપવાની કામગીરી હાથ ધરાશે.

### ન્યૂઝ બ્રિફ

#### રાજનાથ સિંહે સેનાના જવાનો સાથે વિજયાદશમીના તહેવારની કરી ઉજવણી

| (એજન્સી) દાર્જિલિંગ,તા.૧૨ |

વિજયાદશમીના અવસર પર દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ શસ્ત્ર પૂજન કર્યું હતું. રક્ષા મંત્રી રાજનાથ સિંહ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ પહોંચ્યા હતા. જ્યાં તેમણે સુકના કેન્ટમાં સેનાના જવાનો સાથે શસ્ત્રોનું પૂજન કર્યું હતું. આ દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહે સુકના કેન્ટમાં સેનાના જવાનો સાથે વાતચીત કરી અને તેમની તબિયત પૂછી. તેણે સેનાના જવાનો સાથે ગ્રુપ ફોટો પણ પડાવ્યો હતો. વિજયાદશમીના અવસર પર સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે, 'આપણે બધા જાણીએ છીએ કે આજનો તહેવાર અનિષ્ટ પર સારાની જીતનું પ્રતીક છે. જ્યારે ભગવાન રામે દુષ્ટ રાવણ પર વિજય મેળવ્યો. આ માનવતાની જીત હતી. રાજનાથ સિંહે કહ્યું કે, "આપણે ક્યારેય કોઈ દેશ પર હુમલો કર્યો નથી કારણ કે આપણા દિલમાં કોઈની સાથે દુશ્મની નથી, પરંતુ જ્યારે કોઈ દેશે આપણી અખંડિતતા અને સાર્વભૌમત્વનો અનાદર કર્યો હોય ત્યારે જ આપણે યુદ્ધ લડ્યા છીએ. જ્યારે કોઈ દેશે ધર્મ, સત્ય અને માનવીય મૂલ્યો વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યું છે."

નાયબસિંહ બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી બનશે

## નાયબસિંહ સૈની હરિયાણાના મુખ્યમંત્રી તરીકે પદ ગ્રહણ કરશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં નાયબસિંહ સૈની લેશે શપથ**

| (એજન્સી) ચંદીગઢ, તા.૧૨ |

નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપશે. સૈનીનો શપથ ગ્રહણ દશેરા ગ્રાઉન્ડ સેક્ટર ૫ પંચકુલામાં સવારે ૧૦ વાગ્યે થશે. નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે સવારે ૧૦ વાગ્યે પંચકુલામાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. કેન્દ્રીય મંત્રી અને હરિયાણાના પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરે કહ્યું કે, 'અમને પ્રધાનમંત્રીની મંજૂરી મળી ગઈ છે કે મુખ્યમંત્રી અને મંત્રી પરિષદ ૧૭ ઓક્ટોબરે પંચકુલામાં શપથ લેશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વરિષ્ઠ નેતાઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે.' નાયબ સિંહ સૈનીએ માર્ચમાં પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરને રિપ્લેસ કરીને મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું. આ બીજી વખત હશે જ્યારે તેઓ રાજ્યના મુખ્યમંત્રી બનશે. આગામી લોકસભાની ચૂંટણી પહેલા સૈનીની નિમણૂકથી હરિયાણાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. સૈની ઓબીસી સમુદાયના હોવાથી ભાજપે રાજ્યમાં સામાજિક સમીકરણોનું ધ્યાન રાખ્યું છે.

ભારતમાં દિન પ્રતિદિન દુષ્કર્મની ઘટનામાં વધારો

## દિલ્હીમાં યુવતી સાથે દુષ્કર્મ આચરી નરાધમે રસ્તા ઉપર ફેંકી દીધી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ |

દિલ્હીને ફરી એકવાર શર્મસાર કરતી ઘટના સામે છે. દક્ષિણ-પૂર્વ દિલ્હીના સરાય કાલે ખાનમાં ૧૧મી ઓક્ટોબર યુવતી પર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી હતી. યુવતીને ગંભીર હાલતમાં AIIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. પોલીસે પીડિતને મેડિકલ તપાસ બાદ દુષ્કર્મ સહિતની વિવિધ કલમો હેઠળ કેસ નોંધીને મામલાની તપાસ શરૂ કરી. જોકે, હજુ યુવતીનું નિવેદન નોંધવામાં આવ્યું નથી. અહેવાલો અનુસાર, પોલીસે દુષ્કર્મનો કેસ નોંધ્યો છે અને આરોપી વિશે જાણવા માટે યુવતીની પૂછપરછ કરવામાં આવશે. સવારે એક રાહદારીએ પોલીસને યુવતી ઈજાગ્રસ્ત હાલતમાં પડી હોવાની જાણ કરી હતી. પીસીઆર ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પોલીસકર્મીઓએ પીડિતને હોસ્પિટલમાં દાખલ કરી. જ્યાં તપાસમાં યુવતીના પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી નીકળતું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે યુવતી મૂળ ઓડિશાની છે.

## દુર્ગા પંડાલમાં બુટ-ચપ્પલ પહેરીને આવેલા લોકો પર ભડકી કાજોલ

| મુંબઈ,તા.૧૨ |

કાજોલે ખૂબ જ ધામધૂમથી દુર્ગા પૂજાની ઉજવણી કરી હતી. આ દરમિયાન કાજોલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે દુર્ગા પંડાલમાં જોવા મળી રહી છે. હંમેશા હસતી રહેતી કાજોલ વીડિયોમાં ખૂબ જ ગુસ્સામાં જોવા મળે છે. હાલમાં જ કાજોલ તેના પરિવાર સાથે સાંતાક્રુઝમાં નોર્થ બોમ્બે સર્બોજનિન દુર્ગા પંડાલ પહોંચી હતી. આ દરમિયાન કંઈક એવું થયું કે અભિનેત્રી



ગુસ્સે થઈ ગઈ અને તેણે માઈક લઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. કાજોલનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે માઈક લઈને દુર્ગા પંડાલમાં પોતાની નારાજગી વ્યક્ત કરતી જોવા મળી રહી છે.હકીકતમાં થયું એવું કે, કેટલાક લોકો બુટ અને ચપ્પલ પહેરીને દુર્ગા પંડાલમાં પ્રવેશ્યા. આ જોઈને કાજોલ ગુસ્સે થઈ ગઈ અને પછી શું, તેમણે માઈક લઈને પંડાલમાં ચંપલ પહેરીને આવેલા લોકોને ચંપલ ઉતારવા કહ્યું. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હતી, જે હવે વાયરલ થઈ રહી છે. સેલિબ્રિટી પાપારાઝી વરિન્દર ચાવલાએ કાજોલનો આ વીડિયો શેર કર્યો છે, જેમાં કાજોલ કહી રહી છે, 'હેલો, એક બાજુ જાઓ, તમે જૂતા પહેર્યા છે. મહેરબાની કરીને અહીં પગરખાં ન પહેરો. જેઓએ પણ પગરખાં પહેર્યા છે, કૃપા કરીને એક બાજુ ચાલ્યા જાય. કૃપા કરીને તમે બધા માન-સન્માન જાળવી રાખો, અહીં પૂજા થઈ રહી છે. તમારો ખૂબ ખૂબ આભાર.' આ પછી, પાછળ ઉભેલા લોકોને સંબોધિત કરતી વખતે, એક યુઝરે લખ્યું કે, 'કૃપા કરીને તમારી જાતને બેરિકેડ પર ન ધકેલી દો, તેનાથી તમને જ નુકસાન થશે.' કાજોલના આ વીડિયો પર ઘણા યુઝર્સ પણ રિએક્શન આપી રહ્યા છે.



## ઇન્દુબેન ખાખરાવાળાના ખાખરામાંથી નીકળી ઈયળ

।(એજન્સી) અમદાવાદ, તા.૧૨।

અમદાવાદમાં ઈન્દુબેન ખાખરાવાળાના ખાખરા ખૂબ જ પ્રખ્યાત છે.ત્યારે આ મોટુ નામ ધરાવતી નાસ્તાની આ દુકાનના ખાખરામાંથી ઈયળ નીકળી હોવાની ઘટના સામે આવી છે. ખાખરામાંથી ઈયળ નીકળતા ગ્રાહક ફરિયાદ કરવા માટે દુકાને પહોંચ્યા હતા અને દુકાનદારે તેમની ભૂલ સ્વીકારી પણ હતી.

અમદાવાદમાં ઈન્દુબેન ખાખરાવાળાના ખાખરા ખૂબ જ પ્રખ્યાત છે.ત્યારે આ મોટુ નામ ધરાવતી નાસ્તાની આ દુકાનના ખાખરામાંથી ઈયળ નીકળી હોવાની ઘટના સામે આવી છે. ખાખરામાંથી ઈયળ નીકળતા ગ્રાહક ફરિયાદ કરવા માટે દુકાને પહોંચ્યા હતા અને દુકાનદારે તેમની ભૂલ સ્વીકારી પણ હતી.

અમદાવાદના પ્રખ્યાત ઈન્દુબેન ખાખરામાંથી ઈયળ નીકળી છે. અમદાવાદની સી.જી રોડ પર આવેલી ઈન્દુબેન ખાખરાવાળાની બ્રાન્ચમાંથી ગ્રાહકે ખાખરા ખરીદ્યા હતા. જે પછી ગ્રાહકે નાના બાળકને આ ખાખરા ખાવા આપ્યા હતા. જે દરમિયાન ખાખરામાંથી ઈયળ નીકળી હતી.

## વડોદરામાં ધો.૧૨ સાયન્સની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરામાં વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. શહેરમાં વિધર્મી દ્વારા ૧૨ સાયન્સની વિદ્યાર્થીની દુષ્કર્મની ઘટનાનો ભોગ બની. વિધર્મી શખ્સ સગીરાને ગરબા રમવા અને સાથે ફોટો પડાવવા ટોર્ચર કરતો હતો. આ મામલે પીડિતની માતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી. જેના બાદ આરોપીની ધરપકડ કરવામાં આવી. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ શહેરના માંજલપુરમાં ધોરણા ૧૨માં અભ્યાસ કરતી સગીરા દુષ્કર્મનો ભોગ બની. સગીરાને વિધર્મી યુવક દ્વારા વારંવાર હેરાનગતિ કરવામાં આવી. માંજલપુરના ગરબા મેદાનમાં સાથે ગરબા રમવા અને ફોટો પડાવવા વિધર્મી યુવક સગીરાને ટોર્ચર કરતો હતો. સગીરાની માતાએ મકરપુરા ગામના વાજીદશા દિવાન સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી. આ ફરિયાદ મુજબ આરોપી વાજીદશા દિવાને સગીરાને ગયા મહિને બે વખત મિત્રના ઘરે લઈ જઈને જબરદસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું.

# અમરેલીમાં કથિત દુષ્કર્મ અંગે કોંગ્રેસના જેની ઠુમ્મરે ભાજપના કાર્યકર્તા સામે કર્યા ગંભીર આક્ષેપ

### આ અંગે જિલલા એસપી હિમકરસિંહે આજે મીડિયા સમક્ષ આવી સ્પષ્ટતા કરી કે અમરેલી જિલ્લામાં આવી કોઈ જ ઘટના ઘટી નથી

। (એજન્સી) અમરેલી, તા.૧૨ ।

અમરેલીમાં કથિત દુષ્કર્મ અંગે રાજનીતિ ગરમાઈ છે. કોંગ્રેસનાં મહિલા પ્રદેશ અધ્યક્ષ જેની બેન ઠુમ્મરે ભાજપના કાર્યકર્તા દ્વારા એક મહિલા સાથે કથિત દુષ્કર્મનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ અંગે જિલલા એસપી હિમકરસિંહે આજે મીડિયા સમક્ષ આવી સ્પષ્ટતા કરી કે અમરેલી જિલ્લામાં આવી કોઈ જ ઘટના ઘટી નથી.અમરેલી શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી કથિત દુષ્કર્મ મામલે થઈ રહેલ નિવેદનબાજી અને અફવાઓ પર આજે અમરેલી જિલ્લા પોલીસ વડા એ પરદો પાડી દીધો છે. અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા શુક્રવારે સવારે આ મામલે એક પત્રકાર પરિષદ યોજી હતી અને સમગ્ર મામલે સ્પષ્ટતા કરી હતી. અમરેલી શહેરમાં કથિત દુષ્કર્મ થયું હોવાની વાત વાયુવેગે પ્રસરી હતી. આ મામલે રાજકીય ગરમાવો આવ્યો હતો અને કોંગ્રેસના જેની ઠુમમર



એ આ મામલે પ્રેસ કોન્ફરન્સ યોજી તપાસની માંગ કરી હતી. ભાજપના પુર્વ સાંસદ નારણ કાછડીયા એ પણ આ જ મુદ્દે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ને પત્ર લખીને તપાસ માગી હતી. જો કે ત્રણ દિવસના આ ઘટનાક્રમ પર અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા પ્રેસ કોંફરન્સ યોજી સમગ્ર મામલે સ્પષ્ટતા કરી હતી અને જણાવ્યું હતું કે જે મહિલા અને જે વ્યક્તિ પર આક્ષેપ થઈ રહ્યા છે તેમના નિવેદનો લેવામાં આવ્યા છે. જે સ્થળ પર આ ઘટના બની હોવાની આરોપ લાગી રહ્યા છે તે સ્થળ તપાસ કરવામાં આવી છે પરંતુ આ પ્રકારની કોઈ ઘટના બની હોવાનું સામે આવ્યું હોવાનું જીલ્લા પોલીસ વડા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ભાવનગરમાં પીજીવીસીએલની બેદરકારીથી સ્થાનિકો પરેશાન

। (એજન્સી) ભાવનગર, તા.૧૨ ।

ભાવનગરમાં પીજીવીસીએલની બેદરકારીથી સ્થાનિકો પરેશાન થયા હતા. ગાયત્રી ફીડરમાં ફોલ્ટ આવતા વીજ પુરવઠો ખોરવાયો હતો. અંડરગ્રાઉન્ડ કેબલ ફાયર થતાં વીજ પુરવઠો બંધ થયો હતો.

વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિકોને ભારે હાલાકી વેઠવી પડી હતી. ગ્રાહકોએ કેટલીય ફરિયાદો કરી પરંતુ વીજ કંપનીના અધિકારીઓએ ફોન ન ઉપાડતા હોવાના આક્ષેપો કર્યા હતા. રામેશ્વર મંદિર આસપાસ તેમજ ખોડિયાર રેસ્ટોરન્ટ લાઈન ચાર કલાક શરૂ થશે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે ફોલ્ટ સેન્ટરના કર્મચારી વાતોમાં મસ્ત જોવા મળ્યા હતા તેમજ ગ્રાહકોના કમ્પ્લેનના ફોન ઉપાડવા માટે તસ્દી લેવામાં આવતી નથી. ગાયત્રી ફીડરમાં ફોલ્ટ આવતા ત્રણ કલાક વીજ પુરવઠો ઠપ્પ થયો હતો. ત્યારે ફોલ્ટ સેન્ટરના કર્મચારી વાતોમાં મસ્ત જોવા મળ્યા હતા તેમજ ગ્રાહકોના કમ્પ્લેનના ફોન ઉપાડવા માટે તસ્દી લેવામાં આવતી નથી. ગાયત્રી ફીડરમાં ફોલ્ટ આવતા ત્રણ કલાક વીજ પુરવઠો ઠપ્પ થયો હતો.

જામનગરમાંલીમડાલેન વિસ્તારમાં કોંગ્રેસ ભુવનપાસે આવેલા ટ્રાન્સફોર્મર અને વીજ કેબલમાં આજે એકાએક સ્પાર્ક થયા પછી ભારે તણખા જર્યા હતા, અને ટ્રાન્સફોર્મર તેમજ કેબલ બળી જતાં આસપાસના વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાયો હતો. વીજતંત્રની ટુકડીએ વરસતા વરસાદે વીજ ટ્રાન્સફોર્મર તેમજ કેબલ વગેરે બદલીને યુદ્ધના ધોરણે કામગીરી પાર પાડી હતી, અને વીજ પુરવઠો રાબેતા મુજબ બનાવ્યો છે. સૌરાષ્ટ્રમાં અતિ વરસાદથી PGVCLને નુકસાન થયું છે. અત્યાર સુધી ૧૨ સર્કલમાં ૧૦૦૦૦ ફીડર બંધ થયા અને હજી ૨૧૮ ફીડર બંધ અન્ય ફીડર પૂર્વવત છે. વરસાદને પગલે ૧૩ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. તો બીજી બાજુ હાઈટેન્શન ૩૫ કિમીની લાઈન પર રીપેરીંગ ચાલુ છે.

૧૭૯ ટ્રાન્સફોર્મમાંથી ૪૪ પેન્ડિંગ છે અન્ય કાર્યરત છે. ૧૨ સર્કલમાં ટોટલ ૭૫૦ ટીમ મેદાન પર છે. તેઓ કુલ ૩૫૦૦ જેટલાં અસરગ્રસ્ત વીજપોલમાં કામગીરી કરી રહ્યા છે. અત્યાર સુધી ૧૨ સર્કલમાં ૧૦૦૦૦ ફીડર બંધ થયા અને હજી ૨૧૮ ફીડર બંધ અન્ય ફીડર પૂર્વવત છે. વરસાદને પગલે ૧૩ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. તો બીજી બાજુ હાઈટેન્શન ૩૫ કિમીની લાઈન પર રીપેરીંગ ચાલુ છે. ૧૭૯ ટ્રાન્સફોર્મમાંથી ૪૪ પેન્ડિંગ છે અન્ય કાર્યરત છે. ૧૨ સર્કલમાં ટોટલ ૭૫૦ ટીમ મેદાન પર છે. તેઓ કુલ ૩૫૦૦ જેટલાં અસરગ્રસ્ત વીજપોલમાં કામગીરી કરી રહ્યા છે.

## સુરતમાં સારોલી પોલીસ મથક જ વિવાદમાં સપડાયું

### પોલીસ મથકે છેલ્લા ૬ મહિનાથી વધુનું ભાડુ ના ચૂકવતા અરજદારે તે સ્થાનનો પાછો કબજો મેળવવા માંગ કરી છે

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતમાં પોલીસનો જ નવો વિવાદ જોવા મળ્યો. શહેરમાં સારોલી પોલીસ મથક ભાડાને લઈને વિવાદમાં જોવા મળ્યું. સારોલી પોલીસ મથક જે સ્થાન પર છે તેનું ભાડું હજુ સુધી ચૂકવાયુ નથી. પોલીસ મથકે છેલ્લા ૬ મહિનાથી વધુનું ભાડુ ના ચૂકવતા અરજદારે તે સ્થાનનો પાછો કબજો મેળવવા માંગ કરી છે.

શહેરમાં સારોલી પોલીસ મથક વિવાદમાં સપડાયું. સારોલી પોલીસ મથકના મિલકતદારોએ કોર્ટમાં ભાડાને લઈને દાવો કર્યો છે. મિલકતદારોએ કોર્ટમાં અરજી કરી છે કે સારોલી પોલીસ મથકે છેલ્લાં ૭ મહિનાનું ભાડુ નથી ચૂકવ્યું. મિલકત ભાડા પેટે આપતી વખતે ૧થી ૧૦ તારીખમાં ભાડું ચુકવવાની શરત હતી. આ સ્થાનને પોલીસ મથક તરીકે આપતી વખતે માસિક ભાડું ૮૮,૪૦૦ નક્કી કરાયું હતું. જે મુજબ એક મહિનાના ૮૮,૪૦૦ લેખે ભાડું ચૂકવાયું નથી. માસિક ભાડા લેખે સાત મહિનાના ૬.૧૮ લાખ લેવાના નીકળે.

સારોલી પોલીસ મથક કયારે ભાડુ ચૂકવશે તેને લઈને ચોક્કસ માહિતી ના આપતા મિલકતદારોએ બાકીનું લેણાં ભાડું અને મિલકત પાછી લેવા મામલે કોર્ટમાં દાવો માંડ્યો છે. અરજદારોએ મિલકતનો કબજો સોંપવા કરી માંગ સાથે ભાડાની ચૂકવણી વ્યાજ સાથે કરાય તેવી માંગ કરી છે. સારોલી પોલીસ મથક કયારે ભાડુ ચૂકવશે તેને લઈને ચોક્કસ માહિતી ના આપતા મિલકતદારોએ બાકીનું લેણાં ભાડું અને મિલકત પાછી લેવા મામલે કોર્ટમાં દાવો માંડ્યો છે. અરજદારોએ મિલકતનો કબજો સોંપવા કરી માંગ સાથે ભાડાની ચૂકવણી વ્યાજ સાથે કરાય તેવી માંગ કરી છે.

### સુરતમાં ગુંડાઓના વધ્યો આંતક

## સુરતમાં કુખ્યાતે તબીબના કરોડો રૂપિયા પડાવતા કરી ફરિયાદ

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતમાં ગુંડાઓના વધ્યો આંતક. શહેરમાં કુખ્યાત ઈમ્તિયાજ સદ્દામે તબીબના ૪.૯૫ કરોડ રૂપિયા પડાવ્યા.

કુખ્યાત ઈમ્તિયાજની ગેંગ શહેરમાં પોતાની ધાક બેસાડવાનો પ્રયાસ કરી રહી છે. કુખ્યાત ઈમ્તિયાજે તબીબની મિલકત મામલે હેરાનગતિ કરી. તબીબનો બંગલો પચાવી પાડવાની દાનતે ધમકી આપતા રૂપિયાની માંગણી કરી. જો કે તબીબે કુખ્યાતની ધમકીને વશ ના થતા પોલીસમાં ફરિયાદ દાખલ કરી.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં કુખ્યાત ઈમ્તિયાજ સદ્દામ નામના શખ્સે એક તબીબ પાસેથી કરોડો રૂપિયા ખંખેરી લીધા. ઈમ્તિયાજે રાની તળાવ રોયલ રેસીડેન્સી મિલકતને લઈને તબીબ સાથે બનાવટ કરી. બંગલાનો ખેલ પાડતા ૫.૫૫ કરોડનો સોદો કર્યો હતો. આરોપી દ્વારા તબીબને બંગલાને લઈને લોભામણી લાલચ આપવામાં આવી હતી. કુખ્યાત વિરુદ્ધ તબીબે છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી.

રાની તળાવમાં રોયલ રેસીડેન્સી મિલકતનો સોદામાં છેતરપિંડી થયાનું માલૂમ પડતા તબીબે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ આપતા ગુનો દાખલ કરાયો. ઈમ્તિયાઝ સદ્દામ, ઉમર પીલા આણી મંડળી સામે ગુનો નોંધાયો.

## સીંધુંભવન રોડ પર આવેલ રેસ્ટોરન્ટમાં ગ્રાહકના ખાવામાં પથ્થર નીકળ્યો

### ગ્રાહકના ખાવામાં પથ્થર નીકળતા ગ્રાહકે આ મામલે કોર્પોરેશનમાં ફરિયાદ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

હાલ દિવસેને દિવસે ફૂડ સેફટી પર સવાલો ઉભા થઈ રહ્યા છે ક્યાંક ફૂગ તો ક્યાંક પથ્થર તો ક્યાંક ખાવામાં જીવાત નીકળવાની ઘટના રોજબરોજ સામે આવતી હોય છે ત્યારે સીંધુંભવન રોડ પર આવેલ રેસ્ટોરન્ટમા ગ્રાહકના ખાવામાં પથ્થર નીકળવાની ઘટના સામે આવી છે. જેનું નામ Do bros રેસ્ટોરન્ટ છે. જ્યાં ગ્રાહકના ખાવામાં પથ્થર નીકળતા ગ્રાહકે આ મામલે કોર્પોરેશનમાં ફરિયાદ કરી હતી. બનાસકાંઠામાં પણ અલગ અલગ ૧૩ પેઢીઓને દંડ ફટકારાયો છે.જ્યાં માવો, પામ ઓઈલ, લુઝ પનીર અખાદ્ય નીકળ્યા હતા તેમજ વેજ મંચુરિયનમાં સિન્થેટિક કલર મળ્યો હતો આ સિવાય લુઝ ઘીમાં પણ ફોરેન ફેટ મળ્યું હતું. આપને જણાવી દઈએ કે ગત વર્ષે લેવાયેલા સેમ્પલનો રિપોર્ટ આવતા આ કાર્યવાહી કરવામાં આવી છે. જે ૧૩ કેસોમાં ૬૧ લાખનો દંડ કરવામાં આવ્યો છે. પાલનપુર ફૂડ સેફટી વિભાગ દ્વારા ગત વર્ષે લેવાયેલા જે સેમ્પલ મિસ બ્રાન્ડેડ અને સબ સ્ટાન્ડર્ડ આવ્યા હતા તેમના કેશો ડેડીગ્રેટેડ ઓફિસર અને નિવાસી કલેકટર દ્વારા ચલાવાયા હતા જેમાં ૧૩ કેસોમાં ૬૧ લાખનો દંડ કરાયો છે.અને મિનરલ પાણી લુઝ માવો પામ ઓઈલ સોયાબીન ઓઈલ અને લુઝ પનીર ખાવા લાયક ના નીકળ્યા.રાજ્યમાં ખાદ્ય પદાર્થોમાં અખાદ્ય વસ્તુઓ નીકળવાનો સિલસિલો જારી છે. ત્યારે આ પહેલા પણ માં વસ્ત્રાલની એક રેસ્ટોરન્ટની દાળફ્રાયમાં જીવાત નીકળી હતી . આ અંગે રેસ્ટોરન્ટ મેનેજમેન્ટને પૂછવામાં આવતા તેણે ઉદ્ધતાઈ પૂર્વક જવાબ આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે ચોમાસાની સીઝનમાં મચ્છર નીકળી શકે છે.આ બતાવે છે કે મોંઘી રેસ્ટોરાન્ટમાં આરોગ્યનું જોખમ છે. વસ્ત્રાલ રિંગ રોડ પાસે સિટી રેસ્ટોરન્ટ આવેલી છે. આ રેસ્ટોરન્ટ સ્વચ્છતામાં બેદરકારી રાખતી હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકારના આહારના લીધે લોકોના આરોગ્ય પર વિપરીત અસર પહોંચે છે.

### એસીબીએ રખિયાલ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલને છટકુ ગોઠવી પકડ્યો

## જામીન કરાવવા માટે ૧૦ હજારની લાંચ લેતા પોલીસ કોન્સ્ટેબલનો મળતીયો ઝડપાયો

।(એજન્સી) રખિયાલ, તા.૧૨ ।

રખિયાલ પોલીસ સ્ટેસનમાંફરજ બજાવતા એક કોન્સ્ટેબલના મળતીયા માણસની એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી) એ રૂ.૧૦,૦૦૦ ની લાંચ લેતા ધરપકડ કરી છે.આ બનાવની વિગત મુજબ ફરિયાદીના મિત્રને મારામારીના કેસમાં રજુ કરીને મારઝુડ નહી કરવા, અન્ય કેસોમાં ન ફસાવવા તથા ઝડપથી જામીન કરાવવા રખિયાલ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કરણભાઈએ તેની પાસે રૂ.૩૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. આથી ગભરાયેલા ફરિયાદીએ કોન્સ્ટેબલને રૂ.૨૦,૦૦૦ આપી દીધા હતા.બાદમાં બાકી રહેલા રૂ.૧૦,૦૦૦ માટે કરણભાઈ અવારનવાર ફરિયાદીને ફોન કરીને પરેશાન કરતા હતા. જોકે ફરિયાદી પૈસા આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે એસીબીના અધિકારીઓએ રખિયાલમાં ચારોડીયા પોલીસ ચોકીના મુખ્ય દરવાજા પાસે છટકુ ગોઠવ્યું હતું.જેમાં કોન્સ્ટેબલ કરણભાઈ વતી લાંચ લેવા આવેલો તેમનો મળતીયો માણસ મુસ્તાક રસુલ અલ્લા રખા સૈયદ લાંચ લેતા ઝડપાઈ ગયો હતો. જોકે આરોપી કરણ ઝડપાયો ન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### પીજીવીસીએલના નાયબ ઈજનેરની ફરિયાદના આધારે ફરજમાં રૂકાવટ, એસ્ટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે

# જામનગર વીજ કચેરીમાં કોર્પોરેટરે હંગામો મચાવ્યો હતો, કોંગ્રેસ કોર્પોરેટર રચના નંદાણીયા સામે PGVCL નાયબ ઈજનેરે ફરિયાદ નોંધાવી







। જામનગર, તા.૧૨ ।

જામનગર શહેરમાં ટોપ ઓફ ધ ટાઉન બનેલા કોર્પોરેટરના પીજીવીસીએલની કચેરીમાં હંગામો થયો હતો. આ પ્રકરણમાં સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં કોંગ્રેસ કોર્પોરેટર રચના નંદાણીયા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પીજીવીસીએલના નાયબ ઈજનેરની ફરિયાદના આધારે ફરજમાં રૂકાવટ, એસ્ટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. જામનગરના વોર્ડ નંબર ચારના કોંગી કોર્પોરેટર રચના નંદાણીયા દ્વારા પોતાને વધુ વીજ બિલ આવવાના મુદ્દે ગુરૂવારે સવારે વીજ તંત્રની કચેરીમાં દંડા સાથે જઈને હંગામો મચાવ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, તેમજ સમગ્ર કચેરીમાં વાતાવરણ તંગ બન્યું હતું. આખરે આ મામલો મોડી સાંજે સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો અને સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝનની કચેરીના નાયબ ઈજનેર અજય પરમારની ફરિયાદના આધારે રચના નંદાણીયા સામે જૂપદી-જૂદી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્પોરેટર રચના નંદાણીયા સામે બી.એન.એસ.ની કલમ ૧૯૨, ૩૫૩(૧), ૨૨૪, ૨૨૬, ૩૫૧(૨), ૩૨૪(૨), ૨૨૧, ૩૦૯(૪) તથા એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧)(આર), ૩(૨)(૫), ૩(૨)(૫)(એ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર, રચના નંદાણીયાએ મીડિયા ગ્રુપમાં મેસેજ કરી પોતે જી.ઈ.બીમાં સાહેબોને દંડો લઈને મારવા જતા તેમજ અન્ય કોઈને આવવું હોય તેને આવે તેને આવવાની વાત કરી હતી. પોલીસ ફરિયાદ મુજબ, રચના નંદાણીયાએ પોતાના મોબાઈલ ફોનમાં ફેસબૂકમા ઓનલાઈન થઈ મિડીયા કર્મચારીઓ તથા પોતાની સાથેના કિશનભાઈ નામના વ્યક્તિને સાથે લઈ પોતાના હાથમાં લાકડી લઈ પી.જી.વી.સી.એલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા એ.કે પરમાર કે જેઓ પી.જી.વી.સી.એલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતાં. ફરિયાદમાં લખાવેલા આોપ મુજબ, ફરિયાદી અનુસૂચિત જાતિના હોવાનું જાણતા છતાં ઓફિસના ચેમ્બરમાં જબરદસ્તી પ્રવેશ કરી, અધિકારીઓ સાથે ગેરવર્તણૂક કરી હતી. ઉપરાંત લાકડી ઉગામી માર મારવાની ધમકી પણ આપી હતી. કોર્પોરેટરે અધિકારીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી પાસે પડેલો આશરે ૧૦ હજાર રૂપિયાનો ફોન ઝૂંટવી લૂંટ ચલાવી હતી. ત્યારબાદ આ ફોનનો ઘા કરી તેને પછાડી નુકસાન કર્યું હતું. તેમજ જો પોલીસમાં ફરિયાદ કરશો તો જોઈ લઈશ તેવી ધમકી પણ આપી હતી. ફરિયાદમાં નોંધાવ્યું કે, આ દરમિયાન ફેસબુકના માધ્યમથી લોકોને દારૂ વેચવા, ડ્રગ્સ વેચવા તેમજ બે નંબરના કામ કરવા ગેરમાર્ગે દોરી જી.ઈ.બીના સ્માર્ટ મીટરો લગાડી વધારે બિલ આવવાનો આરોપી લગાવી ડિપાર્ટમેન્ટ વિરૂદ્ધ ઉશ્કેરણી કરી હતી. આટલું જ નહીં, પોતે આત્મહત્યા કરી લેવાની ધમકી આપી તેમજ સ્ટાફના કર્મચારીઓને ગુનાહિત બળ વાપરી કામ કરતાં અટકાવ્યા હતાં. જામનગરના ડી.વાય. એસ.પી વીરેન્દ્ર સિંહ ઝાલાને આ વિશે તપાસ સોંપવામાં આવી છે. વીજ તંત્રમાં રચનાના હોબાળા બાદ તેમના સમર્થકોનું ટોળું પણ પોલીસ મથકે પહોંચી આવ્યું હતું. જામનગરની પીજીવીસીએલની કચેરીમાં રચના નંદાણીયા દ્વારા વીજ બિલ વધુ આવવવાના મુદ્દે રોષ ઠાલવવાના પ્રકરણમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે વીજ તંત્રના જુદા જુદા યુનિયન સાથેની મોટી ટુકડી સિટી બી. ડિવિઝન પોલીસમાં પહોંચી હતી. જ્યાં રાતના લગભગ ૧૦:૩૦ વાગ્યા સુધી તમામ અધિકારીઓ રોકાયા હતાં. આ સાથે જ વોર્ડ નંબર ચારના કોંગ્રેસના કોર્પોરેટર રચના નંદાણીયા કે જેમણે જાતે સરેન્ડર કર્યું હતું અને પોલીસ જીપમાં બેસીને સિટી બી ડિવિઝન મથકમાં પહોંચ્યા હતાં. નંદાણીયાને મોડી રાત સુધી સિટી બી. ડિવીઝનના પોલીસ મથકમાં બેસાડવામાં આવ્યા હતાં. જેના કારણે તેમના સમર્થકોનું ટોળું મોડી રાત્રે પોલીસ સ્ટેશન પણ પહોંચી ગયું હતું. જોકે, મોડેથી રચના નંદાણીયાને નોટિસ પાઠવીને ઘરે મોકલી દેવાયા હતાં અને આખરે સમગ્ર મામલો થાળે પડ્યો હતો. આ સાથે જ વોર્ડ નંબર ચારના કોંગ્રેસના કોર્પોરેટર રચના નંદાણીયા કે જેમણે જાતે સરેન્ડર કર્યું હતું અને પોલીસ જીપમાં બેસીને સિટી બી ડિવિઝન મથકમાં પહોંચ્યા હતાં. નંદાણીયાને મોડી રાત સુધી સિટી બી. ડિવીઝનના પોલીસ મથકમાં બેસાડવામાં આવ્યા હતાં. જેના કારણે તેમના સમર્થકોનું ટોળું મોડી રાત્રે પોલીસ સ્ટેશન પણ પહોંચી ગયું હતું. જોકે, મોડેથી રચના નંદાણીયાને નોટિસ પાઠવીને ઘરે મોકલી દેવાયા હતાં અને આખરે સમગ્ર મામલો થાળે પડ્યો હતો. આ સાથે જ વોર્ડ નંબર ચારના કોંગ્રેસના કોર્પોરેટર રચના નંદાણીયા કે જેમણે જાતે સરેન્ડર કર્યું હતું અને પોલીસ જીપમાં બેસીને સિટી બી ડિવિઝન મથકમાં પહોંચ્યા હતાં. નંદાણીયાને મોડી રાત સુધી સિટી બી. ડિવીઝનના પોલીસ મથકમાં બેસાડવામાં આવ્યા હતાં. જેના કારણે તેમના સમર્થકોનું ટોળું મોડી રાત્રે પોલીસ સ્ટેશન પણ પહોંચી ગયું હતું. જોકે, મોડેથી રચના નંદાણીયાને નોટિસ પાઠવીને ઘરે મોકલી દેવાયા હતાં અને આખરે સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

# ૨ જેટલા લોકોએ બેંકની અંદર બેઠેલા કર્મચારીને માર માર્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બેંકની અંદર ઘણી વખત એવું બનતું હોય છે કે અંદર કામ કરતા કર્મચારી અને ગ્રાહકો વચ્ચે બોલાચાલી થતી હોય છે. ક્યારેક આ બોલાચાલી મારામારી પણ ફેરવાઈ જાય છે. આવી જ એક મારામારીની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયો જોઈને એક સેકન્ડ માટે તમે પણ વિચારમાં મુકાઈ જશો. કુલ ૨ જેટલા લોકોએ બેંકની અંદર બેઠેલા કર્મચારીને માર માર્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે. કે બેંકમાં કામ કરી રહેલા કર્મચારી સાથે એક વ્યક્તિ વાતચીત કરી રહ્યો છે. જેમા વાતચીત ઉગ્ર બની જાય છે, અને બંન્ને વચ્ચે ભારે માથાકૂટ થાય છે. આ માથાકૂટમાં બિજો એક શખ્સ વચ્ચે આવે છે, અને તેની પણ કર્મચારી સાથે બોલાચાલી થાય છે. બોલાચાલી એટલી ઉગ્ર બની જાય છે. બંન્ને અંદર બેઠેલા બેંક કર્મચારીને માર મારવા લાગે છે. બાદમાં, બેંકનો બીજો પણ એક કર્મચારી ત્યા આવે છે. જોકે જે ૨ શખ્સો અંદર બેસેલા કર્મચારીને માર મારી રહ્યા હતા. તેમાથી એક બહાર આવીને બહાર આવેલા અન્ય એક બેંક કર્મચારીને પણ લાફો મારી દે છે. મામાલો બેંકની અંદર એટલો ઉગ્ર બની જાય છે, કે અંદર બેઠેલા બધા કર્મચારીઓના જીવ અધ્ધર આવી જાય છે. સોશિયલ મીડિયા પર હાલ આ વીડિયો ઘણો જ વાયરલ થયો છે.

### દોઢ મહિનાથી દરરોજ રાત્રે આ શેરીમાં પથ્થરો પડે છે

# કોલ્હુઆ પ્રોફેટપુરના જયપ્રકાશ નગરમાં લોકો ભયમાં જીવી રહ્યા છે

। (એજન્સી) મુઝફ્ફરપુર,તા.૧૨ ।

મુઝફ્ફરપુરના અહિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોલ્હુઆ પ્રોફેટપુરના જયપ્રકાશ નગરમાં લોકો ભયમાં જીવી રહ્યા છે. અત્યારે લોકો પથ્થરબાજીના રહસ્યથી પરેશાન છે. અહીં એક ગલીમાં રાત્રે દરેક ઘર પર પથ્થરો વરસે છે. જેમ જેમ સાંજ પડતી જાય છે તેમ તેમ અચાનક અનેક પથ્થરો વરસવા લાગે છે. છેલ્લા દોઢ મહિનાથી આ ટ્રેન્ડ ચાલી રહ્યો છે. મહિલાઓનું માનવું છે કે આ કામ અન્ય કોઈ નહીં પરંતુ ડાકણો કરે છે. તેઓ તેને પ્રકોપ માની રહ્યા છે. જેના કારણે અહીંના દરેક ઘરમાં રહેતા દરેક વ્યક્તિ ભયના વાતાવરણમાં જીવી રહ્યા છે.



જય પ્રકાશ નગરના ઘરો પર પડેલા પથ્થરોને ત્યાંની મહિલાઓ જાતે જ પોતાના ઘરમાં સંગ્રહી રહી છે. જય પ્રકાશ નગરમાં છેલ્લા દોઢ મહિનાથી નવીન વિદ્યા નિકેતન સ્કૂલની સામેની શેરીમાં દરેક ઘર પર રાત્રે પથ્થરો વરસી રહ્યા છે. આ પત્થરો ફક્ત ઘરે અને શેરીઓમાં જ પડે છે. જો કે, આજ સુધી પથ્થર કોઈ માણસને વાગ્યો નથી. આ એ જ પથ્થરો છે જે રેલ્વે લાઈન પર નાખવામાં આવે છે. બેથી અઢીસો ગ્રામ વજનનો પથ્થર જો વ્યક્તિને વાગે તો તેને ગંભીર ઈજા થઈ શકે છે. પથ્થરમારાના કારણે લોકો ભયભીત છે. અહીં પથ્થરમારો એક કોયડો બની ગયો છે. સ્ત્રીઓ પત્થર મારવાને ભૂત-ચૂડેલનો ક્રોધ માને છે. પત્થરો ફક્ત ઘરો અને શેરીઓમાં પડે છે. અત્યાર સુધી કોઈ માનવીને અસર થઈ નથી. સ્થિતિ એવી છે કે સાંજ પડતાં જ મહિલાઓ અને બાળકો ઘરોમાં કેદ થઈ જાય છે. પથ્થર કઈ દિશામાંથી આવે છે તે લોકો જોઈ શકતા નથી. પથ્થરમારાના કારણે અનેક ઘરોની એસ્બેસ્ટોસ બારીના કાચ તૂટી ગયા છે. જય પ્રકાશ નગરના અમરેન્દ્ર મિશ્રાએ જણાવ્યું કે દોઢ મહિનાથી ઘરો પર પથ્થરો પડી રહ્યા છે. જ્યારે એસએસપી રાકેશ કુમારને ઘરો પર પથ્થરમારો કરવામાં આવી રહ્યો હોવાની માહિતી મળી, ત્યારે એસએસપીએ અહિયાપુર પોલીસ સ્ટેશનને તપાસ કરવાનો આદેશ આપ્યો.

અહિયાપુર પોલીસ મથકે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. વિસ્તારની મહિલાઓએ પોલીસને પથ્થરો બતાવ્યા. વિસ્તારના લાલન શ્રીવાસ્તવના ઘર પર પથ્થર પડતાં પોલીસ ઘરો પર પડેલા પથ્થરો જોઈ રહી હતી. જોકે પોલીસે તુરંત જ્યાંથી પથ્થર પડ્યો હતો ત્યાંથી શોધખોળ કરી હતી પરંતુ કોઈ મળ્યું ન હતું. પોલીસ પણ આશ્ચર્યમાં છે કે આ પથ્થરો ક્યાંથી આવી રહ્યા છે.

ઘણા લોકોએ પોતાના ઘર પર પડેલા પથ્થરોને બેગમાં એકઠા કર્યા છે. બધાએ બોરીમાં રાખેલા પથ્થરો પોલીસને બતાવ્યા. જોકે, લોકોને શંકા છે કે સ્મકિયા ગેંગ આ કામ કરી રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે પોલીસ આવ્યા બાદ ત્રણ દિવસ સુધી પથ્થરો પડ્યા ન હતા. આ પછી તેઓ ફરીથી પડવા લાગ્યા.

### ભારતનું ભોજન સર્વશ્રેષ્ઠ : રિપોર્ટ

# પર્યાવરણને બચાવવા અન્ય દેશોને ખાણી-પીણી અનુસરવા અપીલ

### વિશ્વના ૪૧ ટકા અનાજનું ઉત્પાદન ભારતમાં થાય છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતના ખાન-પાનની પેટર્ન વિશ્વના તમામ G૨૦ દેશો કરતાં સૌથી વધુ ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ છે. ભારતની ખાણી-પીણી વિશ્વમાં શ્રેષ્ઠ હોવાનું તારણ વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં આપવામાં આવ્યું છે.

WWFના લિવિંગ પ્લાનેટ રિપોર્ટમાં જણાવાયું છે કે, જો ૨૦૫૦ સુધી અન્ય દેશો ભારતની જેમ જ ખાદ્યચીજોના ઉત્પાદન અને ખાણી-પીણીને સમર્થન કરે તો, પૃથ્વી અને પૃથ્વીના જલવાયુને થઈ રહેલા નુકસાનમાં મોટો ઘટાડો કરી શકાશે. ખાણીપીણીમાં પશ્ચિમી દેશોની તુલનાએ એશિયાઈ દેશો અગ્રેસર છે.

રિપોર્ટમાં ટકાઉ ખાનપાન અને હેલ્ધી ડાયટ મુદ્દે જાહેર કરવામાં આવેલા રેંકિંગમાં ભારત પ્રથમ ક્રમે, ઈન્ડોનેશિયા ૦.૯ સાથે બીજા ક્રમે, ચીન (૧.૭) સાથે ત્રીજા ક્રમે, જાપાન (૧.૮) સાથે ચોથા ક્રમે છે. જ્યારે સૌથી ખરાબ ખાનપાનમાં છેલ્લા ક્રમે ઓસ્ટ્રેલિયા (૬.૮), છેલ્લેથી બીજા ક્રમે અમેરિકા (૫.૫) અને ત્રીજા ક્રમે બ્રાઝિલ (૫.૨) છે.

આ પશ્ચિમી દેશોમાં ખાનપાનમાં વધુ પડતું ફેટ અને શુગરનું સેવન થઈ રહ્યું છે. જેનાથી મેદસ્વીપણાની સમસ્યા વધી છે. આ દેશોમાં અઢી કરોડથી વધુ લોકો વધુ પડતું વજન ધરાવે છે. ૮૯ કરોડ લોકો મેદસ્વીપણાનો ભોગ બન્યા છે.

રિપોર્ટમાં ભારતમાં વપરાતા અનાજના આહાર વિશે જાગૃતિ ફેલાવવા ભાર મૂકવામાં આવ્યો છે. ભારતમાં અનાજનું સેવન રોજબરોજની ખાણી-પીણીમાં થઈ રહ્યું છે. જે મજબૂત સ્વાસ્થ્ય માટે પોષક તત્ત્વો પૂરા પાડે છે. તદુપરાંત આબોહવા પરિવર્તનના થઈ રહેલા નુકસાનમાં ઘટાડો પણ કરી શકે છે.

ભારત વિશ્વમાં ટોચનો અનાજ ઉત્પાદક દેશ છે. જે વિશ્વની કુલ માગના ૪૧ ટકા અનાજનું ઉત્પાદન કરે છે. અનાજના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા નેશનલ મિલેટ કેમ્પેઈન, મિલેટ મિશન, અને ડ્રાઉટ મિટિગેશન પ્રોજેક્ટ જેવા અભિયાનો ચલાવવામાં આવે છે. ભારત વિશ્વમાં ટોચનો અનાજ ઉત્પાદક દેશ છે. જે વિશ્વની કુલ માગના ૪૧ ટકા અનાજનું ઉત્પાદન કરે છે. અનાજના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા નેશનલ મિલેટ કેમ્પેઈન, મિલેટ મિશન, અને ડ્રાઉટ મિટિગેશન પ્રોજેક્ટ જેવા અભિયાનો ચલાવવામાં આવે છે.

### પાટણ શહેરના રાધનપુરમાં પીવાના પાણીની સમસ્યા

# પીવાના પાણીની સમસ્યાને લઈ મહિલાઓ બની રણચંડી



। (એજન્સી) પાટણ,તા.૧૨ ।

પાટણ શહેરના રાધનપુરમાં પીવાના પાણીની સમસ્યાને લઈને આજે મહિલાઓ રોષે ભરાઈ હતી. સરદારપુરા ગામમાં આવેલ સરદારપુરા સોસાયટીમાં પાણીની સમસ્યાને લઈને મહિલાઓને અહીંયા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી આજે મહિલાઓ અહીંયા રણચંડી બની અને મોટા પાયે મહિલાઓએ વિરોધ નોંધાવ્યો હતો. જેમાં મહિલાઓએ વિરોધ કરીને ટીડીઓ અને મામલતદારને રજૂઆત પણ કરી છે. છેલ્લા કેટલાય સમયથી અહીંયા પીવાના પાણી જેવી જરૂરિયાતની વસ્તુનો અભાવ છે. જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયેલો છે. ખાસ કરીને મહિલાઓને અહીંયા પાણીની સમસ્યાને લઈને ઘણી તકલીફ થઈ રહી છે. વારંવાર આ સમસ્યાને લઈને તંત્રને ફરિયાદ કરવામાં આવી છે. તેમ છતાં અહીંયા આ સમસ્યાનું નિવારણ નથી આવી રહ્યું જે એક ગંભીર સમસ્યા બની ગઈ છે. આજે મહિલાઓ દ્વારા રામધૂન બોલાવી તેમજ માટલા ફોડીને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો.

### મની લોન્ડરિંગ સાથે જોડાયેલા મામલે રાહત

# શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાને હાઈકોર્ટથી રાહત મળી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાના મની લોન્ડરિંગ કેસમાં એક નવું અપડેટ સામે આવ્યું છે. આ કેસમાં બોમ્બે હાઈકોર્ટે દંપતીને વચગાળાની રાહત આપી છે. અગાઉ, શિલ્પા અને રાજે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તેમને તેમના ઘર ખાલી કરવા માટે નોટિસ મોકલવામાં આવી હતી અને મની લોન્ડરિંગ કેસમાં તપાસ એજન્સી દ્વારા ફાર્મહાઉસને અસ્થાયી રૂપે જપ્ત કરવામાં આવ્યું હતું, પરંતુ હવે કોર્ટે કહ્યું છે કે ED કરશે જ્યાં સુધી તેમની અપીલનો નિર્ણય ન આવે ત્યાં સુધી આ નોટિસનો અમલ કરશો નહીં. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બોમ્બે હાઈકોર્ટને કહ્યું છે કે જ્યાં સુધી તેઓની અપીલ પર આદેશ ન આવે ત્યાં સુધી તે શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાને જારી કરવામાં આવેલી ઈવેક્શન નોટિસનો અમલ નહીં કરે. શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે મામલો પ્રોપર્ટી એટેચમેન્ટ સાથે જોડાયેલો છે, જેમાં ઈઢએ શિલ્પા અને રાજને મુંબઈ અને પુણેમાં તેમના ઘર ખાલી કરવા માટે નોટિસ પાઠવી હતી, પરંતુ હવે કોર્ટના આગલા આદેશ સુધી તેમણે ઘર ખાલી કરવું પડશે નહીં. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બોમ્બે હાઈકોર્ટમાં કહ્યું છે કે જ્યાં સુધી તેમની અપીલ પર અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી તે શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાને જારી કરવામાં આવેલી ઈવેક્શન નોટિસનો અમલ નહીં કરે. ૨૭ સપ્ટેમ્બરના રોજ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ શિલ્પા શેટ્ટી અને કુન્દ્રાને ૧૦ દિવસની અંદર મુંબઈના જુહુમાં તેમનું ઘર અને પુણેમાં એક ફાર્મ હાઉસ ખાલી કરવા માટે નોટિસ પાઠવી હતી. દંપતીએ તેની સામે બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. એટલું જ નહીં, તેને ગેરકાયદે ગણાવીને આ નોટિસ રદ કરવાની માંગ કરવામાં આવી હતી.

# ઈઝરાયલ દ્વારા લેબેનોન અને ગાઝામાં હુમલાના કારણે પરિસ્થિતિ ભયાનક



। (એજન્સી) લેબેનોન, તા.૧૨ ।

ઈઝરાયલ, ગાઝા, લેબેનોન આ દિવસોમાં મિસાઈલ હુમલાઓનો સામનો કરી રહ્યા છે. ઈઝરાયલ દ્વારા લેબેનોન અને ગાઝામાં કરવામાં આવેલા હુમલાના પરિણામે ત્યાંની સ્થિતિ ખૂબ જ ભયાનક બની ગઈ છે. બધે જ લોહી છે અને રસ્તાઓ પર અનેક લાશો પડી છે. જેના કારણે ત્યાં રહેતા લોકો ભયના માહોલમાં જીવી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, 'લેબેનોન અને ગાઝામાં અત્યારે ખૂબ જ ખરાબ સ્થિતિ છે. ઈઝરાયલી દળો ઉત્તર ગાઝામાં જબાલિયા શરણાર્થી કેમ્પને ઘેરી રહ્યા છે. ત્યાંના એક વ્યક્તિએ કહ્યું, છેલ્લા ૬ દિવસથી ઉત્તર ગાઝાના જબાલિયા શરણાર્થી કેમ્પને ઈઝરાયલની સેનાએ ઘેરી લીધું છે અને ઈઝરાયલના ફાઈટર પ્લેન હવાઈ બોમ્બમારો અને ડ્રોન હુમલા કરી રહ્યા છે.'

# રણબીર કપૂર સાથે ગપ્પા મારતી જોવા મળી હતી રાની મુખર્જી

। (એજન્સી) મુંબઈ,તા.૧૨ ।

બોલિવૂડની ઘણી હસ્તીઓ દુર્ગા પૂજા ઉત્સવમાં ભાગ લેતી જોવા મળી છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક નવો વીડિયો સામે આવ્યો છે, જેમાં રણબીર કપૂર માતાના આશીર્વાદ લેતો જોવા મળી રહ્યો છે. જ્યાં રણબીર રાની મુખર્જી સાથે વાત કરતો જોવા મળી રહ્યો છે. બંનેનો હૃદય સ્પર્શી લેવાવાળો આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ રિયુનિયન તમને ફિલ્મ 'સાવરિયા'ના દિવસોની પણ યાદ અપાવશે. આ પહેલા કાજોલ અને જયા બચ્ચનની ગપશપનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં બંનેના અલગ-અલગ એક્સપ્રેશન જોવા મળી રહ્યા છે. રણબીર કપૂર મુંબઈના દુર્ગા પૂજા પંડાલમાં માતાના આશીર્વાદ લેતો જોવા મળ્યો હતો. આ સમય દરમિયાન, અભિનેતા ગ્રે શર્ટ અને સફેદ પેન્ટમાં એકદમ હેન્ડસમ દેખાતો હતો. આ ઈવેન્ટમાં રણબીર રાની મુખર્જી સાથે બેઠો હતો.

# અમદાવાદ અને સુરતમાંથી ઝડપાયું નકલી ઘી, તો ગીરસોમનાથમાં અખાદ્ય તેલનો જથ્થો જપ્ત

### આ દશેરામાં ફાફડા-જલેબીની મોજ માણવા માટે તમારો જીવ અને જીભ બન્ને તલપાપડ થઈ રહ્યા હશે




। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

તહેવારો વચ્ચે સૌથી ચોંકાવનારા દ્રશ્યો અમદાવાદના ઓશવાલમાંથી સામે આવ્યા છે. જેના ફરસાણ અને ખાસ તો ફાફડા-જલેબી લોકો વખાણી-વખાણીને ખાય છે. તે કેટલી ગંદકી વચ્ચે તૈયાર થઈ રહ્યા છે તે જુઓ. તો આ તરફ ઈન્દુબેન ખાખરાવાળાના ખાખરામાંથી નીકળી છે ઈયળ. ગ્રાહકનો દાવો છે કે તેણે સી જી રોડ ગિરિશ કોલ્ડડ્રીંક પાસેની બ્રાન્ચમાંથી ખાખરા ખરીદ્યા હતા.

ભરૂચમાં પણ લસ્સીમાંથી જીવાત નીકળવાની ઘટના સામે આવી છે. છમ્ઝ સર્કલ નજીક આવેલ. ગ્રીનરી હોટેલમાં લસ્સીમાંથી જીવાત નીકળતા. ગ્રાહક દ્વારા તંત્રને રજૂઆત કરાઈ હતી. અને તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ બોલાવતા હોટેલમાંથી એક્સપાયર થયેલી ફ્રૂટ સિરપ મળી આવી હતી અને આ બધાંની વચ્ચે નકલી ઘી ઝડપાવાનો સીલસીલો પણ યથાવત છે. સુરતમાં અડાજણમાંથી નકલી ઘી ઝડપાયા બાદ વરાછામાંથી પણ સુમુલનું ડુપ્લીકેટ ઘી મળી આવ્યું છે. ડુપ્લીકેટ ઘીના લગભગ ૭૧ જેટલાં ડબ્બા જપ્ત કરવામાં આવ્યા છે. અહીં મુદ્દો એ છે કે ઊંચી કિંમત વસૂલ્યા બાદ પણ ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં શા માટે કરાઈ રહ્યા છે ?વાત કરીએ ઓશવાલની તો અહીં રેસ્ટોરન્ટના ભોંયરામાં આવેલા રસોડાને કોર્પોરેશન દ્વારા બંધ કરાવવામાં આવ્યું છે અને તેને બંધ કરાવવાની જરૂર શા માટે પડી છે. તેની સાબિતી આ દ્રશ્યો જ આપી રહ્યા છે. જમીનથી લઈ દિવાલો પર ગંદકીના થર પર થર જામેલા છે અને એ જ ગંદકી વચ્ચે સામાન પણ વેર-વિખેર પડેલો છે. બ્રાન્ડના નામે દુકાનદારો દ્વારા ગ્રાહકો પાસેથી કિંમત તો ઊંચી વસૂલવામાં આવે છે. હાઈજીનના દાવા પણ કરવામાં આવે છે. તો સ્વચ્છતા જાળવવામાં આવી લાલિયાવાડી કેમ તે મોટો સવાલ છે. હાલ તો ઓશવાલમાંથી ફાફડા-જલેબીના સેમ્પલ લઈને તેને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. પણ, આ સેમ્પલના રિપોર્ટ ક્યારે આવશે. તે પણ મોટો સવાલ છે.



કોલકાતા, પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજા ઉત્સવની ઉજવણીના છેલ્લા દિવસે 'વિજયાદશમી'ના અવસરે ભક્તો દેવી દુર્ગાની મૂર્તિનું ગંગા નદીમાં વિસર્જન કરે છે.

# ડર્યા વિના રમીને તેમને ઘરમાં જ હરાવીશું : ટોમ લૈથમ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ન્યુઝીલેન્ડની ટેસ્ટ ક્રિકેટ ટીમ આગામી સમયમાં ભારતના પ્રવાસે આવી રહી છે. પરંતુ આ પહેલા ટીમને એક નવો કેપ્ટન મળ્યો છે. કેન વિલિયમસનના સ્થાને વિકેટકીપર અને બેટર ટોમ લૈથમને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. લૈથમ કામ શરૂ કરતા પહેલા જ પોતાનું આક્રમક વલણ બતાવવાનું શરૂ કરી દીધું છે. ન્યુઝીલેન્ડની ટીમ આ મહિને ભારતના પ્રવાસે આવવાની છે. કીવી ટીમના કેપ્ટને ખુદ ભારતીય ટીમને પડકાર ફેંક્યો છે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૩ મેચની ટેસ્ટ સીરિઝ યોજવાની છે. આ સિરીઝ પહેલા ટીમ સાઉદીએ કેપ્ટનના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ ટોમ લૈથમને ટીમની સમાન આપવામાં આવી છે. ન્યુઝીલેન્ડની ટીમની શ્રીલંકામાં થયેલી હાર બાદ સાઉદીએ રાજીનામું આપી દીધું હતું.

કેપ્ટન બન્યા બાદ લૈથમે ટીમના ખેલાડીઓને ભારત સામે ડર્યા વિના રમવાનું કહ્યું છે. તેણે કહ્યું કે ન્યૂઝીલેન્ડની ટીમ ભારતને તેના ઘરઆંગણે પડકાર આપશે. તેણે કહ્યું, 'મને લાગે છે કે અમારે સારું કામ ચાલુ રાખવું જોઈએ. હું મારી ટીમના સ્પિનર પર નિર્ભર રહીશ. ભારત જવું એ એક સારો પડકાર છે. એકવાર અમે ત્યાં જઈશું, મને આશા છે કે અમે ત્યાં સંપૂર્ણ સ્વતંત્રતા સાથે રમી શકીશું. અમે કોઈપણ ડર વિના રમીશું અને તેમને હરાવવાનો પ્રયત્ન કરીશું. જો અમે તેવું કરી શકીશું, તો અમે પોતાને એક તક આપીશું.'

ટોમ લૈથમે ભારતમાં રમાયેલી ટેસ્ટ સીરિઝ પર નજર નાખી છે. તેણે અહીં રમવાનો ઉપાય શોધી કાઢ્યો છે. તેનું માનવું છે કે ભારત સામે તેના ઘરઆંગણે જીતવાનો એકમાત્ર રસ્તો આક્રમક ક્રિકેટ જ છે. તેણે કહ્યું, 'અમે જોયું છે કે ભૂતકાળમાં ભારતમાં જે ટીમોએ પહેલા સારું પ્રદર્શન કર્યું છે, તે ઘણી આક્રમક રહી છે, ખાસ કરીને બેટથી. તેઓ કેટલાક શોટ રમે છે જેનાથી ભારતીય ટીમ દબાણમાં આવી જાય છે. અમે ત્યાં જઈને નક્કી કરીશું કે અમારે ત્યાં જઈને કેવી રીતે રમીશું. અમારે સારું રમવું પડશે. આશા છે કે અમે સારી રીતે ત્યાં સંકલન સાધી શકીશું.'

તંત્રી લેખ...

## શેરબજારમાં ઘણો ઉતાર-ચઢાવ

બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટીમાં ઘણી નબળાઈ નોંધાઈ છે. બીએસઈસેન્સેક્સ ૫૩૬ પોઈન્ટની નબળાઈ સાથે ૭૧ ૩૫૬ ના સ્તરે બંધ થયો છે જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૪૯ પોઈન્ટની નબળાઈ સાથે ૨૧૫૧૬ ના સ્તર પર બંધ થયો છે. બજાજ ઓટોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કહ્યું છે કે તેઓ ૮ જાન્યુઆરીએ શેર બાય બેકના મુદ્દા પર વિચારણા કરવા જઈ રહ્યા છે. શેરબજારમાં ટોપ લૂઝર્સની યાદીમાં આઈટી અને મેટલ સેક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે વિપ્રોના શેર સાપ્તાહિક ચાર્ટ પર કપ એન્ડ હેન્ડલ પેટર્ન બનાવી રહ્યા છે, જેના કારણે જાન્યુઆરીમાં વિપ્રોના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચી શકે છે. બુધવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. દિવસના ટ્રેડિંગમાં એનએસઈનિફ્ટીએ ૨૦૦ પોઈન્ટની રેન્જમાં ટ્રેડિંગ કર્યું હતું. નિફ્ટી મંગળવારે ૨૧,૬૬૫ પર બંધ થયો હતો જે બુધવારે ૨૧,૫૦૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. શેરબજારના સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપ લીલા રંગમાં કામ કરી રહ્યા હતા જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક સૂચકાંકો નબળાઈ નોંધાવી રહ્યા હતા. બુધવારે બજાજ ઓટો, અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ્સ અને ઈન્ડસઈન્ડ બેંકના શેર લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે હિન્દાલ્કો, જેએસડબ્લ્યુ સ્ટીલ, ઈન્ફોસિસ અને એલટીઆઈ માઈન્ડ ટ્રીના શેરમાં નબળાઈ જોવા મળી હતી. બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળ્યા બાદ અદાણી ગ્રૂપની તમામ લિસ્ટેડ કંપનીઓના શેરમાં બમ્પર વધારો નોંધાયો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સ ૧૧ ટકા, અદાણી ટોટલ ગેસ ૧૦ ટકા, અદાણી ગ્રીન એનર્જી અને અદાણી પાવર ૫ ટકા, અદાણી વિલ્મર અને એનડીટીવી ૪ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝ ૨ ટકા, અદાણી પોર્ટ્સ અને અંબુજા સિમેન્ટ એકથી એક અને અડધા ટકા. એસીસીસિમેન્ટના શેરમાં પણ નજીવો વધારો નોંધાયો હતો. મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, પતંજલિ ફૂડ, મુથુટ ફાઈનાન્સ, આઈઆરસીટીસી, ગરવારે ટેકનિકલ ફાઈબર, એક્સિસ બેંક, ગાર્ડન રીચ શિપ બિલ્ડર, દેવયાની ઈન્ટરનેશનલ, આઈસીઆઈસીઆઈ બેન્કના શેરમાં થોડો વધારો થયો હતો, જ્યારે ફેડરલ બેંક, ટાટા મોટર્સ, જીઆઈ કાર્ડ, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મારુતિ સુઝુકી, એચડીએફસીબેંક અને ઈન્ફોસિસના શેરમાં નબળાઈ નોંધાઈ રહી છે.

## નવસારી કૃષિ યુનિવર્સિટીનો ૧૯મો વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો

## કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નૂતન સંશોધનો કરી કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી



। (માહિતી) ગાંધીનગર ।

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૯મો પદવીદાન સમારોહ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમની સાથે ગુજરાત રાજયના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવસારી કૃષિ યુનિવર્સિટીના ૧૯ મા દીક્ષાંત સમારોહમાં પદવીધારક યુવાઓને શુભકામના પાઠવી કૃષિ વૈજ્ઞાનિકોને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નૂતન સંશોધનો કરી કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સમયની માંગ અને પડકારોને મૂલવી પરિવર્તન માટે સજ્જ થવું પડશે. રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહ્યાં છે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના અંધાધુંધ ઉપયોગથી જળ, જમીન અને પર્યાવરણ પ્રદુષિત થઈ રહયાં છે. જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. કૃષિ ખર્ચ સતત વધી રહયો છે અને ઉત્પાદન ઘટી રહયું છે. જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. ખેતી અને ખેડૂતની સમૃદ્ધિ માટે રાસાયણિક કૃષિના વિકલ્પને શોધવો આજના સમયની માંગ છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે અપનાવવાથી કૃષિક્ષેત્રે નવી ક્રાંતિ આવશે. તેમણે સમર્થ અને સશકત રાષ્ટ્રનાં નિર્માણમાં સહયોગી બનવા અનુરોધ કર્યો હતો. ગુજરાતમાં નવ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે, તેનો ઉલ્લેખ કરી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારની પ્રોત્સાહક નીતિને કારણે ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિના જનઆંદોલનને નવું બળ મળ્યું છે. રાજયપાલશ્રીએ આ પ્રસંગે પદવી પ્રાપ્ત કરનારા યુવા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી, યુવા છાત્રોને આજીવન વિદ્યાર્થી બની કોલેજ શિક્ષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે માત્ર સ્વઉત્કર્ષ માટે જ નહીં, પણ લોકકલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણ માટે પણ ઉપયોગી થાય તેવો પુરૂષાર્થ કરવા આહ્વાન કર્યું હતું. કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કૃષિ વિદ્યાલયના વિદ્યાથીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, ઉદ્યમી જગતના તાતની આવક વધે તથા કૃષિક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પગલાં લઈ રહી છે. પ્રધાનમંત્રીશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ બન્યું છે. વિકસિત ભારત માટે કૃષિ અને કૃષિકારો આત્મનિર્ભર બને તે જરૂરી છે. સરકાર દ્વારા કૃષિકારોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલી છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી રાસાયણિક ખાતર મુક્ત કૃષિ ઉપજ પેદા કરવા કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે અનુરોધ કર્યો હતો. પ્રારંભમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઝેડ.પી.પટેલે સ્વાગત પ્રવચન કરી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યવાહીની ઝાંખી કરાવી હતી.

# મંદિર તારું વિશ્વ રૂપાળું! એ પ્રાર્થના થકી સમગ્ર સૃષ્ટિમાં વસતાં સચરાચર જીવને ઈશ્વર સમજીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હાલ આખાં વિશ્વની નજર આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પર છે. સો ટકા એ મંદિર એક ઐતિહાસિક સ્થળ બની રહેશે અને વિશ્વના તમામ લોકો એકવાર આયોધ્યા આવવા વિવશ થશે પણ આપણી સંસ્કૃતિ તો હાલત ચાલતા મંદિર મહેરામણ અને એમાં વસતી જીવંત મૂર્તિનું દર્શન કરનારી છે. ઈશ્વર કરે આયોધ્યામા રામ મંદિરની ઘટના સૌનાં અંતર માં પડેલા રામ તત્વને જગાડે! જોકે આપણે તો એ ભાવ જાગે એવી સાર્વજનિક પ્રાર્થના કરી શકીએ! કારણકે પ્રાર્થના એ એક એવો ઘંટ છે કે, જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે.

કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય એટલે કે કોઈ સ્કૂલ કે એની નજીક આપણે રહેતા હોઈએ, તો જ્યારે પણ પ્રાર્થના ગવાય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌના હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવાની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતા આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં વસતી દરેક વ્યક્તિની વ્યથા એ એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે. આપણને કોઈ પણ પ્રકારના અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ-રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકા માં ફુલ ઉગે છે, રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બની ને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. શું આ બધું ઈશ્વર નથી! આ બધું જ અંતે તો આપણું પોષણ કરનાર ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી, અને આજે પણ તે ઘણી સ્કૂલોમાં બોલાવાય છે.

મારી આસપાસ તો પ્રાર્થના વિષે લખીને બાળપણની સ્મૃતિઓ વિંટળાઈ વળી છે. અમારા આચાર્ય દિનુ બેન સિનોરનો, કડક છતાં પેમાળ સ્વર મારા કાનોમાં ગુંજે છે, તેમણે જ પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી,ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી આવે, કોઈની મદદ કરવાથી આવે, થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે વગેરે વગેરે.તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે**
**પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે**
**----મંદિર**
**નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે**
**નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે--મંદિર**
**વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે**
**મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે---મંદિર**

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો, અને તેમનું વતન અમદાવાદ છે. નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતાં. આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણા બધા પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે.

તેમણે અનુવાદ પણ ઘણા બધા પુસ્તકો નું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરના અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાએ સાંભળી જ હશે. ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથ ને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચના ને બીજામાં નિરક્ષર લોકકવિ કબીર, ગંગા સતી, સંત રૈદાસ ભોજલરામ વગેરેના અનુયાયીઓની સંતવાણી કે ભજનનું સંકલન કર્યું. ગદ્યમાં શ્રી. શારદાદેવી, ઠાકુરની વાતો, મર્મી સંતોનું દર્શન વગેરેના ચરિત્ર લેખન કર્યું. કવિતા કે પદ્યને નામે બે પુસ્તકો ગોરસ, દીવડા.અનુવાદ, દીવાટાણું રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ, બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા. સંપાદનને નામે અંબુભાઈ પુરાણી અને માણેકલાલ દેસાઈના સ્મૃતિગ્રંથોનું સંપાદન કર્યું. રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતાં, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતા પણ હતા.જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યા હતા. આપણું ગુજરાતી સાહિત્ય આવા ઉચ્ચ ગજાના કવિ કે લેખકથી હર્યું ભર્યું છે, અને આપણે તેની માટે સદાય ગર્વ કરવો જોઈએ.આવા મહિમાવંત મહાપુરુષોને સત સત નમન. આપણે અત્યાર સુધીની બધી જ પ્રાર્થના ઓ જોઈ, એ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી.

આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધા જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમા ને સમજે છે તે એ દેવત્વ અને પ્રણામ કરીને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યા, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.

જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિ માં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઈ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરના સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

**ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે. મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે.**

# જીવ માને કે હું શાસ્ત્રી,હું જ્ઞાની,તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું.પરમાત્મા ને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પોતાનું અભિમાન છોડે છે,જીવ જ્યારે જીવપણું ભૂલે છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે અને જીવની સાથે રમે છે. જીવ અભિમાનમાં હુંપણું રાખે, જીવ માને કે હું શાસ્ત્રી, હું જ્ઞાની, તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું. પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ.**

નવલાં નોરતાંની રાતોમાં ગરબી ગરબા રાસની રમઝટ બોલાવી વિકૃતિઓનું દહન કરી હવે જીવનમાં શરદ પૂનમનો દિવ્ય પ્રકાશપૂંજ ફેલાય તેવી આશાએ વળી રાસ ગરબા રમી દીપોત્સવી ના તહેવારો શાંત હૃદય મનથી ઉજવવા તૈયાર થઈ નવું વર્ષ સર્વદા શ્રેષ્ઠ નિવડે તેવી પ્રાર્થના કરીએ તો આવો આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ.

કોઈપણ ક્રિયા શબ્દોચ્ચાર વગર થતી નથી કદાચિત જીવથી નહીં તો મનથી તો ઉચ્ચાર થાય જ છે. પાપ કરવાની ક્ષણ પહેલાં તો પાપનો જીભથી અથવા મનથી ઉચ્ચાર થાય છે. તે જ ક્ષણે તેને કાપી નાખો. પહેલાં વિચાર બગડે છે, પછી વાણી બગડે છે અને પછી વર્તનમાં આવે છે. પાપ મન માં આવે ત્યારે મનને ધિક્કારો, ઠંડા જળથી સ્નાન કરો અને પછી પરમાત્માનું કીર્તન કરે છે. પ્રાર્થના કરો નાથ આ કામ મને પજવે છે ક્રોધ મને છોડતો નથી આ લોભ મને વશ કરે છે નાથ કૃપા કરો! સાચા હૃદયથી પ્રાર્થના કરશો તો પ્રભુ રક્ષણ કરશે.

સંતો સતત પ્રભુના નામનો ઉચ્ચાર કરે છે, તેથી તેનાથી પાપ થતું નથી. પાપના બળ આગળ માણસ ની કેવી લાચારી છે.તે એનેઆશ્રય ની ગુફા સમજે છે અને તેમાં ઘૂસે છે. અઘાસુરના પેટમાં જવાની ઈચ્છા હોયતો ભલે જાઓ પણ તાળી પાડતાં જાઓ નામ- સ્મરણ કરતાં જાઓ બધા સમજે છે કે, અસત્ય બોલવું પાપ છે, કોઈને દુભાવવું એ પાપ છે, પણ પાપ થઈ જાય છે. પહેલો સિદ્ધાંત મુખ્ય છે કે, પાપને કાપી જ નાખો. મનથી, શરીરથી પાપ થવાનું છે એમ લાગે ત્યારે ભગવાનના નામનું કીર્તન કરો. પરમાત્માને સાથે રાખી પાપ કરે તેની પાપની વાસના છૂટે છે. પાપની આદત છોડવાનો આ જ એક ઉપાય છે,ભગવાનની પ્રાર્થના કરવાનો,બાળકો તાળી પાડતાં એટલે કીર્તન કરતાં અઘાસુરના પેટમાં ગયાં છે.એવા લાચાર બનીને કે ભોળવાઈને પાપ કરો ત્યારે પરમાત્માને સાથે રાખો. પ્રભુને કહો કે,મેં પાપ કર્યું પણ આપ સાથે હતા.એટલે મને તજા કરો અને ક્ષમા પણ કરો. પાપ કર્યા વગર ન રહેવાય તો શ્રીકૃષ્ણને-પરમાત્માને સાથે રાખીને પાપ કરજો તો ભગવાન તમને બચાવશે. આ બીજો સિદ્ધાંત કનિષ્ટ છે.

ઉત્તમ સિદ્ધાંત તો એ જ છે કે, કદાપિ પાપ ન કરવું અને પાપનો વિચાર પણ ન કરવો. ભોગવ્યા વિના જેનો નાશ થતો નથી એ પાપપુણ્યનો ભોગવ્યા વગર નાશ થઈ શકે છે. પુણ્ય કોગવવા પણ જન્મ લેવો પડે છે, તેથી તો ઋષિ ઓને છેવટે પુણ્યને પણ શ્રીકૃષ્ણાર્પણ કરવું પડે કે.પુણ્ય શ્રીકૃષ્ણાર્પણ થઈ શકે છે, પણ પાપ તો ભોગવ્યે જ છુટકો. ભોગવ્યા વગર પ્રારબ્ધ બંનો કદી નાશ થતો નથી. કોઈ મહાપુરુષ, સંતપુરુષ કૃપા કરે, તો જ પાપની વાસના છૂટે છે. સંત પુરુષની ઢાલ લો તો બચી શકાય.એ તો જાણીતી વાત છે કે, અંતરાત્માની પાપ કરવાની ઈચ્છા ન જ હોય તેમ છતાં પાપ થઈ જાય છે. ગીતામાં પણ અર્જુનનો આ પ્રશ્ન છે. આ સનાતન પ્રશ્ન છે. ભગવાનને તે પૂછે છે કે, મનુષ્યની ઈચ્છા ન હોય તેમ છતાં શાથી પાપમાં પ્રેરાય છે અને પાપ કરે છે? પાપ કરવાની ઈચ્છા ન હોવા છતાં તેને પાપ કેમ કરવું પડે છે ?. ત્યારે ભગવાન સમજાવે છે કે. કામ અને ક્રોધ રજોગણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે માણસને પાપમાં ઘસડી જાય છે. એટલા માટે રજોગુણ ઓછો કરો, સત્ત્વગુણ વધારો. પાપમાંથી બચવાનો એ રસ્તો છે. બાળકો અઘાસુરના મોંમાં તાળી પાડતાં પ્રવેશે છે. તાળી પાડવાથી એમનો નાદબ્રહ્મ માં લય થાય છે અને પછી પરબ્રહ્મમાં મનનો લય થાય છે.

અઘાસુરનો વધ ભગવાને પાંચ વર્ષની ઉંમરે કરેલો. તેમ છતાં આ અઘાસુર વધની કથા ગોપ બાળકો એ પોતાની માતાઓને ભગવાનના છઠ્ઠે વર્ષે કહી, એટલે કે એક વર્ષ પછી કહી છે. એનું કારણ પણ સમજવા જેવું છે. ભાગવતની સમાધિ ભાષાનો આ ચમત્કાર છે.

શુકદેવજીને સમાધિમાં એ કારણ દેખાય છે. તેઓ કહે છે કે, બ્રહ્મા આ ગોપ બાળકોનું અપહરણ કરી ગયેલા અને એક વર્ષ પછી ગોપ બાળકો બ્રહ્મલોકમાંથી પાછાં આવ્યાં. તેથી તેઓએ આ કથા પોતાની માતાઓને એક વર્ષ પછી કહી.પરમાત્મા દિવ્ય રસ સ્વરૂપ છે.તેથી'રસો વૈ સઃ અર્થાત્ રસ એ જ એ' એમ કહે છે.તેની સાથે મિલનએ રાસ. રાસ એટલે બ્રહ્મમિલન,બ્રહ્મસંબંધરાસ એટલે શ્રીકૃષ્ણ સંબંધ.

ગાયોની ઈચ્છા હતી, અમારે પ્રભુ સાથે એક થવું છે. જેથી શ્રીકૃષ્ણ વાછરડા બની અમને ધાવે અને અમે કૃતાર્થ થઈએ અને અમારો બ્રહ્મસંબંધ થાય. ગાયને વાછરડો ધાવે છે. આ અદ્વૈત કેવું છે તે બીજો કોઈ જાણી શકે નહીં. એ ગાય જાણે અને વાછરડો જાણે.

ગોકુળમાં વૃદ્ધા ગોપીઓ હતી. તેની ઈચ્છા હતી કે અમે કનૈયાને રમાડીએ. આ ગોપીઓ મનથી શ્રી કૃષ્ણને મળતી. માનસિક મિલનમાં આનંદ છે, પણ પ્રત્યક્ષ મિલનની ઉત્કંઠા આ ગોપીઓને થાય છે. આધાસુરના પેટમાંથી વાછરડાંઓ અને બાળકો બહાર આવ્યાં. બાળકો કનૈયાને કહે છે કે, કનૈયા, અમને ભૂખ લાગી છે,અમારે જમવું છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે,ચાલો,આપણે યમુના કિનારે ભોજન કરીએ.વાછરડાં ભલે નિરાંતે ચરે. ભગવાન શ્રીકૃષ્ણની ચારે બાજુ એ બાળકો એકબીજાને અડીને બેઠાં છે. પદ્મવ્યૂહ કરી બાળકો સાથે ભોજન કરવા બેઠાં છે. પદ્મવ્યૂહ એટલે કમળની જેમ.પ્રત્યેક બાળકની ઈચ્છા છે કે, હું શ્રીકૃષ્ણ ને સ્પર્શ કરી બેસું. કનૈયાને મારા ઘરની સામગ્રી આરોગાવું. દૂર બેસે તો તે કેમ થઈ શકે? એટલે કમળ ના ગર્ભની જેમ મધ્યમાં શ્રીકૃષ્ણ છે. આમ પરમાત્માએ દરેક બાળકને એવો અનુભવ આપ્યો કે,હું તારી પાસે જ છું.

શ્રીકૃષ્ણે રાસલીલામાં પ્રત્યેક ગોપીને અનુભવ કરાવ્યો કે, હું તારી પાસે જ છું. તે જ પ્રમાણે ગોપ બાળકોને પદ્મવ્યૂહની રચના કરી અનુભવ આપ્યો કે, હું તારી પાસે જ બેઠેલો છું.ઈશ્વર દૂર જાય તો આનંદ મળતો નથી. પ્રત્યેક ગોપ બાળકને સ્પર્શનો આનંદ આપ્યો છે. બ્રહ્મસ્પર્શ વગર આનંદ નથી.

ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે. મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે. પરીક્ષિત કહે કે પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે.ઈશ્વર જીવ ને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે, જીવનો મોહ છૂટે છે.અરે!ઈશ્વર આપવા બેસે છેત્યારે બે હાથવાળો લેતાં થાકી જાય છે.

ઈશ્વર યજ્ઞનો ભોક્તા છે. યજ્ઞમાં આવાહન કરવા છતાં પણ ઘણી વાર પરમેશ્વર ભોજન કરતા નથી, ત્યારે આજે સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ બાળકો સાથે ભોજન કરે છે. પરમાત્માને વશ કરવાનું સાધન પ્રેમ છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને આપવી એ જ ભક્તિ છે, એ જ શુદ્ધ ભાવ છે. ગોપ બાળક કનૈયાને કહે છે કે, લાલા, આ જલેબી હું તારા માટે લાવ્યો છું.કનૈયોજવાબ આપે છે કે,હું એકલોનહીં ખાઉં. થોડું તું સર્વને આપ. આમ કનૈયો થોડામાંથી પણ બધાને થોડું અપાવે છે. આ પ્રમાણે ગમ્મત કરતાં બધાં બાળકોને શ્રીકૃષ્ણ જમાડે છે અને બાળકોની સાથે બેસીને જમે છે. જીવ જ્યારે સર્વસ્વ છોડી પરમાત્મા સાથે પ્રેમ કરે છે, પોતાનું અભિમાન છોડે છે,જીવ જ્યારે જીવપણું ભૂલે છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે અને જીવની સાથે રમે છે. જીવ અભિમાનમાં હુંપણું રાખે, જીવ માને કે હું શાસ્ત્રી, હું જ્ઞાની, તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું. પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ. શુકદેવજી કહે છે કે, આ ભોજન વેળા ભગવાનની છટા જોવા જેવી હતી.તેઓએ કમરની ભેટ માં વાંસળી ખોસેલી હતી.શૃંગ અને લાકડી બગલમાં દબાવ્યા હતાં. ડાબા હાથમાં ઘીવાળો દહીં- ભાતનો મધુર કોળિયો હતો અને આંગળીઓમાં ખાવા લાયક ફળો નાં અથાણાં દબાવી રાખ્યાં હતાં. ગોપ બાળકો તેની ચારે તરફ ઘેરી ને બેઠાં હતાં અને તેઓ જાતે બધાં ની વચમાં બેસીને પોતાની વિનોદ ભરી વાતો થી પોતાના સાથી ગોપ બાળકોની સાથે આ પ્રકારે બાળ લીલા કરતા ભોજન કરી રહ્યા હતા.

લેવિશ લાઈફસ્ટાઈલ જીવે છે રકુલ પ્રીત સિંહ



# રકુલ પ્રીત સિંહનુ મુંબઈમાં આલિશાન ઘર અને લક્ઝરિયસ કાર કલેક્શન

## અભિનેત્રી ૪૯ કરોડ રૂપિયાની માલિક છે, જેમાં બાંદ્રા, મુંબઈમાં તેનું ઘર અને હૈદરાબાદ અને દિલ્હીમાં પ્રોપર્ટી સામેલ છે

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી બાદ બોલિવૂડમાં પોતાની એક્ટિંગ સ્કિલ ફેલાવનાર અભિનેત્રી રકુલ પ્રીત સિંહ બહુ જલ્દી દુલ્હન બનવા જઈ રહી છે. એવા અહેવાલો છે કે અભિનેત્રી તેના બોયફ્રેન્ડ અને ફિલ્મ નિર્માતા જેકી ભગનાની સાથે આ વર્ષે ૨૨ ફેબ્રુઆરીએ લગ્ન કરવા જઈ રહી છે. રકુલ પ્રીત સિંહે બોલીવુડની ઘણી ફિલ્મોમાં ઘણા દિગ્ગજ સ્ટાર્સ સાથે કામ કર્યું છે. રકુલ પ્રીત સિંહનું ફિલ્મી કરિયર સફળ રહ્યું છે અને આજે આ અભિનેત્રી કરોડો રૂપિયાની માલિક છે. તેની પાસે ઘણા શહેરોમાં પ્રોપર્ટી છે અને તેની પાસે લક્ઝુરિયસ કારનું અદ્ભુત કલેક્શન પણ છે. રકુલ પ્રીતની નેટવર્થની વાત કરીએ તો લાઈફસ્ટાઈલ એશિયાના રિપોર્ટ અનુસાર, અભિનેત્રી ૪૯ કરોડ રૂપિયાની માલિક છે. જેમાં બાંદ્રા, મુંબઈમાં તેનું ઘર અને હૈદરાબાદ અને દિલ્હીમાં પ્રોપર્ટી સામેલ છે. રકુલ પ્રીત સિંહ પાસે હૈદરાબાદના પોશ વિસ્તાર જુબિલી હિલ્સમાં **3BHK** ઘર છે, જેની કિંમત ૩ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ સિવાય તેની પાસે મુંબઈના બાંદ્રામાં ઘર અને વિજાંગમાં કેટલીક પ્રોપર્ટી છે. અભિનેત્રી પાસે કારનું અદ્ભુત કલેક્શન પણ છે જેમાં મર્સિડીઝ બેન્ઝ **GLE** (રૂ. ૧ કરોડ), રેન્જ રોવર સ્પોર્ટ્સ (રૂ. ૭૦ લાખ), **BMW 520d** (રૂ. ૭૫ લાખ)નો સમાવેશ થાય છે. આ સિવાય તેની પાસે **Audi Q3** પણ છે, જેની કિંમત ૩૫ લાખ રૂપિયા છે અને **Mercedes-Maybach GLS600** છે, જેની કિંમત ૨.૯૬ કરોડ રૂપિયાથી વધુ છે. તમને જણાવી દઈએ કે રકુલ પ્રીતે વર્ષ ૨૦૧૪માં ફિલ્મ 'યારિયાં'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ પછી તે 'સરદાર કા ગ્રેન્ડસન', 'શિમલા મિર્ચી', 'આઈ લવ યુ', 'રનવે ૩૪', 'ડૉક્ટર જી', 'છત્રીવાલી' અને 'દે દે પ્યાર દે' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી. આ પહેલા રકુલ પ્રીત સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી હતી અને તેણે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું.

# ૨૦૨૪માં પણ શાહરૂખ ખાનની ટ્રિપલ ધમાલ



ગયું વર્ષ શાહરૂખ ખાનના નામે હતું. તેની ત્રણ ફિલ્મો 'પઠાણ', 'જવાન' અને 'ડંકી' રીલિઝ થઈ હતી. આ ત્રણેય ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે ફેન્સ જાણવા ઉત્સુક છે કે ૨૦૨૪માં શાહરૂખ ખાન શું કરવા જઈ રહ્યો છે. હાલ તે આરામ કરી રહ્યો છે. ત્યારબાદ તે ત્રણ ફિલ્મોની જાહેરાત કરી શકે છે. રિપોર્ટ મુજબ શાહરૂખ ખાન આ મહિને એટલે કે જાન્યુઆરીમાં ફેમિલી વેકેશન પર જશે. ત્યાંથી પરત ફર્યા બાદ તે મહિનાના અંતમાં તેની અપકમિંગ ફિલ્મની જાહેરાત કરશે. શાહરુખ ખાન હાલમાં તેની સક્સેસ એન્જોય કરી રહ્યો છે. ગયા વર્ષે જનતાએ જે પ્રેમ આપ્યો તેનાથી તે ખૂબ જ ખુશ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ શાહરૂખ ખાન જાન્યુઆરીમાં જ તેની ત્રણ ફિલ્મોની જાહેરાત કરશે. આ પછી તે તેના પર કામ કરવાનું શરૂ કરશે. પરંતુ આમાંથી કોઈ પણ ફિલ્મ ૨૦૨૪માં રીલિઝ થાય તેવી શક્યતા ઓછી છે. ઈન્ડસ્ટ્રીમાં દરેક લોકો શાહરૂખ ખાનના આગામી સ્ટેપને લઈને ઉત્સાહિત છે. દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે શાહરૂખ આગળ શું કરવા જઈ રહ્યો છે. પરંતુ શાહરૂખ કોઈ પણ પ્રોજેક્ટ સાઈન કરવાની ઉતાવળમાં નથી. તેની પાસે કેટલીક સ્ક્રિપ્ટો છે. પરંતુ તે રજા પરથી પરત ફર્યા પછી તેને જોશે અને તેના પર પોતાનો અભિપ્રાય જણાવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આગળ શું કરવું તે આરામથી નક્કી કરશે. શાહરુખ ખાનની એક ફિલ્મ ભવિષ્યમાં ફાઈનલ છે. તે યશ રાજ ફિલ્મ્સના બેનર હેઠળ કરશે. આમાં તેની સાથે સલમાન ખાન લીડ રોલમાં હશે. 'પઠાણ'ની રિલીઝ વખતે તેના પર ખૂબ જ ચર્ચા થઈ હતી, તેનું નામ 'ટાઈગર વર્સીસ પઠાણ' રાખવામાં આવ્યું હતું. એવા અહેવાલો છે કે તે ૨૦૨૫ ના અંત સુધીમાં રિલીઝ પણ થઈ શકે છે.



## દીપિકા ૨૦૧૪થી માનસિક આરોગ્ય અંગે જાગૃતિ લાવવાનું કામ કરે છે, ત્યારે તેણે પોતે ડિપ્રેશનનો સામનો કરેલો છે

# દીપિકા પાદુકોણે નવી માતા તરીકેના અનુભવ શેર કર્યા

દીપિકાને ત્યાં સપ્ટેમ્બર મહિનામાં દિકરીનું આગમન થયું છે. તાજેતરમાં જ તેણે એક વ્યાખ્યાનમાં પોતાના અનુભવો કહેતાં ઊંઘ ન થવી અને અતિશય થાક અનુભવવા વિશે વાત કરી હતી. તાજેતરમાં જ વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે ૨૦૨૪ નિમિત્તે 'લિવ લવ લાફ ફાઉન્ડેશન' દ્વારા એક લેક્ટર સિરીઝનું આયોજન થયું હતું. જેમાં દીપિકાએ પણ પોતાના અનુભવો જણાવ્યા હતા. તેણે કહ્યું હતું કે ઊંઘના અભાવને કારણે તેના માનસિક આરોગ્ય પર પણ અસર થઈ રહી છે અને તેના કારણે એક નવી માતા તરીકે તેની નિર્ણયો લેવાની ક્ષમતા પર પણ અસર પડે છે.આ લેક્ટર સિરીઝનો વીડિયો યૂટ્યુબ પર પોસ્ટ કરવામાં આવ્યો છે, જેમાં દીપિકા કહે છે,"જ્યારે તમને પૂરતી ઊંઘ ન મળી હોય અને તમે અતિશય થાકેલાં હોય, ત્યારે તમે જે નિર્ણય લો છો.મને લાગે છે કે હું એ ખરેખર અનુભવી શકું છું.મને ખ્યાલ છે, જ્યારે કેટલાક ચોક્કસ દિવસોએ મને પુરતી ઊંઘ ન મળી હોય અને હું અતિશય થાકેલી હોય ત્યારે કે મેં મારું ધ્યાન ન રાખ્યું હોય તો મને લાગે છે કે મારી નિર્ણય લેવાની ક્ષમતા પર તેની અસર થાય જ છે."દીપિકા આ વીડિયોમાં આગળ કહેલું કે તે કઈ રીતે આકરી ટીકાઓ સામનો કઈ રીતે કરે છે અને તે અતિશય ભાવુક થઈ જાય ત્યારે શું કરે છે. તેણે કહ્યું હતું કે પીડા કે ગુસ્સો એ તમારા જીવનનો સહજ ભાગ છે. ત્યારે ટિકાનો સામનો સર્જનાત્મક રીતે કરવો જરૂરી બની જાય છે. નવી માતા બનવા પર દીપિકાએ કહેલું કે જીવનમાં આવેલાં આ ફેરફારને સ્વીકારતા સમય લાગે છે. કશું જ તરત થઈ જવાની આશા રાખી શકાય નહીં.દીપિકા ૨૦૧૪થી માનસિક આરોગ્ય અંગે જાગૃતિ લાવવાનું કામ કરે છે, ત્યારે તેણે પોતે ડિપ્રેશનનો સામનો કરેલો છે. ૨૦૧૫થી તે આ ફાઉન્ડેશન સાથે જોડાયેલી છે. તેણે કહ્યું હતું કે પીડા કે ગુસ્સો એ તમારા જીવનનો સહજ ભાગ છે. ત્યારે ટિકાનો સામનો સર્જનાત્મક રીતે કરવો જરૂરી બની જાય છે. નવી માતા બનવા પર દીપિકાએ કહેલું કે જીવનમાં આવેલાં આ ફેરફારને સ્વીકારતા સમય લાગે છે. કશું જ તરત થઈ જવાની આશા રાખી શકાય નહીં.દીપિકા ૨૦૧૪થી માનસિક આરોગ્ય અંગે જાગૃતિ લાવવાનું કામ કરે છે, ત્યારે તેણે પોતે ડિપ્રેશનનો સામનો કરેલો છે.

# અભિનેતા ઋત્વિક રોશન ગર્લફ્રેન્ડ સાથે સ્પોટ થયો



બૉલીવૂડનો સૌથી લોકપ્રિય અભિનેતા ઋત્વિક રોશન આજે સવારે તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો, આ દરમિયાન આ કપલ ખૂબ જ સ્ટાઈલિશ લાગતું હતું. એક્ટર હેન્ડસમ હંક લાગ્યો તો સબાએ સ્ટાઈલિશ લૂક કેરી કર્યો હતો. બૉલીવૂડ એક્ટર ઋત્વિક રોશન આજે સવારે મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યો હતો. આ દરમિયાન તે તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે જોવા મળ્યો હતો. ફાઈટર'ની રીલિઝ પહેલા આ કપલ ક્વૉલિટી ટાઈમ વિતાવવા માટે ક્યાંક બહાર નીકળી ગયું છે. આ દરમિયાન ઋત્વિક રોશન અને તેની લેડી લવ સબા આઝાદ ખૂબ જ સ્ટાઈલિશ અંદાજમાં જોવા મળ્યા હતા. ડેનિમ જીન્સ સાથે બ્લેક ટી અને લેધર જેકેટમાં ઋત્વિક રોશન એકદમ હેન્ડસમ લાગતો હતો. તેણે મેચિંગ શૂઝ સાથે પોતાનો લુક પૂરો કર્યો હતો. અભિનેતાની ગર્લફ્રેન્ડ સબા આઝાદ પણ ઘણી આકર્ષક લાગી રહી હતી. સબાએ બ્લૂ ડેનિમ સાથે બ્લેક ટી-શર્ટ સાથે લેધર જેકેટ પણ પહેર્યું હતું અને જેકેટ સાથે મેળ ખાતા જૂતા પણ પહેર્યા હતા. આ દરમિયાન સબાએ પોતાના વાળ ખુલ્લા છોડી દીધા હતા અને બ્લેક સનગ્લાસ સાથે એરપોર્ટ લુક પૂરો કર્યો હતો. આ દરમિયાન, પૈપરાજીએ કપલની ઘણી તસવીરો ક્લિક કરી. ઋત્વિક રોશને પણ એરપોર્ટ પર પ્રવેશતા પહેલા પેપ્સને ચીયર કર્યા હતા. સબાએ સ્મિત સાથે પેપ્સ માટે ક્લિક કરેલ ફોટો પણ મેળવ્યો. આ કપલની આ તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.



# અભિનેતા પંકજ ત્રિપાઠીના ઘરમાં રહે છે ૨ પત્નીઓ

## પંકજ ત્રિપાઠી આજે જ્યાં છે ત્યાં પહોંચવા બદલ તેમની પત્ની મૃદુલા ત્રિપાઠીનો આભાર માનતા ખચકાતા નથી

કેટલીકવાર, સામાન્ય વાતની વચ્ચે, પ્રેમ આપણને એક પરીકથા આપે છે, જેને આપણે આપણા વ્યસ્ત જીવનમાં અવગણીએ છીએ. જી હા, એ વાત સાચી છે, આપણને ઘણીવાર ખ્યાલ નથી હોતો કે એક સામાન્ય દેખાતા કપલની લવસ્ટોરી અસાધારણ હોઈ શકે છે. જ્યારે તમે પ્રેમમાં હોવ છો, ત્યારે ઘણી વાર એવી ક્ષણો આવે છે જ્યાં ઉતાર-ચઢાવ આવે છે, જે સંબંધને વધુ મજબૂત બનાવે છે અને તેનું એક ઉત્તમ ઉદાહરણ છે બોલિવૂડના ઉમદા એક્ટર પંકજ ત્રિપાઠી અને તેની પત્ની. પરંતુ શું તમે જાણો છો કે એક્ટરના ઘરમાં બે પત્નીઓ છે, જેનો ખર્ચ એક્ટર વર્ષોથી ઉઠાવી રહ્યો છે. પંકજ ત્રિપાઠી આજે જ્યાં છે ત્યાં પહોંચવા બદલ તેમની પત્ની મૃદુલા ત્રિપાઠીનો આભાર માનતા ખચકાતા નથી. એક્ટરના સંઘર્ષના દિવસોમાં તેની પત્ની ઢાલ બનીને એવી રીતે ઉભી રહી કે તેને ક્યારેય મુશ્કેલીઓનો અહેસાસ ન થયો અને સંઘર્ષના ૮ વર્ષ ખૂબ જ આનંદ સાથે પસાર થયા. આ વાતનો ખુલાસો ખુદ પંકજ ત્રિપાઠીએ 'કૌન બનેગા કરોડપતિ'માં અમિતાભ બચ્ચન સામે કર્યો હતો. પણ બે પત્નીઓનો મુદ્દો શું છે? આ વાતનો ખુલાસો ખુદ એક્ટરે કર્યો હતો. પંકજ ત્રિપાઠીએ 'ઓમકારા', 'દબંગ ૨', 'ફુકરે', 'સિંઘમ રિટર્ન્સ', 'બરેલી કી બરફી', 'ન્યૂટન', 'સ્ત્રી', 'લુડો', 'મિમી' અને 'ગુંજન સક્સેના' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. લોકો તેને વેબ સિરીઝ 'મિર્ઝાપુર' અને 'ક્રિમિનલ જસ્ટિસ'માં તેના શાનદાર એક્ટિંગ માટે લોકો તેને યાદ કરે છે. લલ્લનટોપ સાથે વાત કરતી વખતે તેમણે બે પત્નીઓ વિશેના નિવેદન પર ખુલીને વાત કરી હતી. તેણે કહ્યું કે બે પત્નીઓ એટલે એક મારી પત્ની અને બીજી તેની પત્ની હું. પંકજ ત્રિપાઠીએ કહ્યું, 'મારા ઘરમાં મારા એકલાનું જ ચાલતું નથી. મેં ઘરમાં ખૂબ જ લોકશાહી વાતાવરણ ઊભું કર્યું છે. ઘરમાં ઘણી વાર મને લાગે છે કે મારી અસહમતિ છે અને મારી પત્ની ઈચ્છે તો હું કહું છું કે કરી લો ભાઈ... મને લાગે છે કે દરેકને સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. તે આશિક ન હોવી જોઈએ. એક ઈન્ટરવ્યુમાં પંકજે પોતાના સ્ટ્રગલના દિવસો વિશે જણાવ્યું હતું જેમાં તેણે કહ્યું હતું કે એકવાર મુંબઈ આવ્યા બાદ તેની પાસે કોઈ કામ નહોતું જેના કારણે તેની પત્નીને એક સ્કૂલમાં ભણાવવું પડ્યું હતું. તે સમયે તેનું ઘર તેની પત્નીના પગારથી ચાલતું હતું. તેણે જણાવ્યું હતું કે તે રોજિંદા ખર્ચ માટે તેની પત્નીના પગાર પર નિર્ભર હતાં.





# શું મલાઈકા અને અરબાઝનો લાડલો રવિનાની દિકરીને કરી રહ્યો છે ડેટ?

અરબાઝ ખાન અને મલાઈકા અરોરાનો પુત્ર અરહાન ખાન સ્પોટલાઈટથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે. તાજેતરમાં, તેણે પિતા અરબાઝ ખાન અને શૂરા ખાનના લગ્ન દરમિયાન ઘણી હેડલાઈન્સ બનાવી હતી. તેના લગ્નમાં તેના પિતા સાથે ગાતા અને પછી ગિટાર વગાડતા જોવા મળ્યો હતો, તેની નવી માતા સાથે ડાન્સ કરતો દેખાયો હતો, અરહાનની દરેક ઝલક લોકોના તેના ચાહકોનું ધ્યાન હોય છે. ત્યારે હાલમાં જ અરહાન રવિના ટંડનની પુત્રી રાશા સાથે જોવા મળ્યો હતો. બન્ને સ્ટાર કિડ્સ કેમેરાથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બન્નેના અફેરની ચર્ચા એ જોર પકડ્યુ છે, વાસ્તવમાં તેની પાછળનું કારણ એક વાયરલ વીડિયો છે. જે બાદ બન્નેના અફેરની ચર્ચા એ જોર પકડ્યુ છે. વાસ્તવમાં તેની પાછળનું કારણ એક વાયરલ વીડિયો છે. એક વીડિયોમાં બંનેને સાથે જોયા બાદ આ ચર્ચાએ જોર પકડ્યું છે. બંને ઉતાવળમાં હોય તેમ લાગે છે અને કેમેરાથી બચીને એક જ કારમાં બેસી જાય છે. જો કે તેમના અફેર વિશે કંઈપણ કન્ફર્મ નથી થયું, પરંતુ સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સ તેમના ડેટિંગ વિશે વાત કરતા જોવા મળે છે. જોકે હાલમાં જ અરબાઝ ખાનના મેરેજમાં રાશા અને રવિના ટંડન ખાસ મહેમાન બનીને આવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે જ્યારે અરબાઝના લગ્નમાં બહુ ઓછા ફિલ્મ સ્ટાર્સને આમંત્રણ આપવામાં આવ્યું હતું, ત્યારે આ લગ્નમાં રવિના ટંડન સાથે તેની પુત્રી ખાસ મહેમાન તરીકે જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે રવીના અને રાશા અરહાનની નવી માતા શૂરા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તમને જણાવી દઈએ કે આ લગ્નના સમાચારની પુષ્ટિ રવિનાએ સૌથી પહેલા કરી હતી. સમારંભના એક દિવસ પહેલા તેણે ઈન્સ્ટાગ્રામ પર શૂરા અને અરબાઝને અભિનંદન પાઠવ્યા હતા. બંને માટે ખુશી વ્યક્ત કરતા તેમણે લખ્યું કે પાર્ટીની શરૂઆત જ થઈ છે. અરબાઝ અને શુરાના લગ્નમાં રવિના પણ જોરદાર ડાન્સ કરતી જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે રાશા અભિષેક કપૂરની ફિલ્મથી ડેબ્યૂ કરવા જઈ રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન પણ હશે અને આ તેની ડેબ્યૂ ફિલ્મ પણ હશે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ એક એક્શન એડવેન્ચર ફિલ્મ હશે. વાસ્તવમાં, તેની રિલીઝને લઈને સમાચાર એ છે કે તે આવતા મહિને ૯ ફેબ્રુઆરીએ રિલીઝ થવા જઈ રહી છે.

દશેરાના દિવસે ભારતીય સંસ્કૃતિની વીરતાને સાર્થક કરવાં હેતું શસ્ત્ર પૂજનની પણ મહિમા છે

# ઝાલોદ નગરમાં અસત્ય પર સત્યની જીતના ઉત્સવ દશેરાના દિવસે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો

**નગરના લોકોએ ફાફડા જલેબી ખાઈ ઉત્સવની મજા લીધી તેમજ નવાં વાહનની ખરીદી પણ જોવા મળી**


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

અસત્ય પર સત્યની જીત તેમજ હર્ષ, ઉલ્લાસ અને વિજયનો તહેવાર છે.ભારતીય સંસ્કૃતિમાં વીરતા, શૂરવીરતા જાગે તે હેતુથી શસ્ત્ર પૂજનની પણ મહિમા છે. આજના યુગમાં દશેરાના ઉત્સવ નિમિત્તે મનાવીએ પોતાના અંદરના પાપ પર વિજય થવાના સંકલ્પ લેવા માટેનો છે. આજના યુગમાં માનવી લોભ. મોહ, કામ,ક્રોધ, ઈર્ષા ,અહંકાર ત્યાગે તો સાચા અર્થમાં દશેરાના તહેવારની ઉજવણી કરી કહેવાય. આજના દિવસે લોકો નવીન વાહનની ખરીદી કરે છે તેમજ નવો વ્યાપારની શરૂઆત માટે ઉત્તમ દિવસ ગણાય છે. જૂના જમાનામાં રાજા રજવાડાં દ્વારા દશેરાના દિવસે ધર્મ યુદ્ધની શરૂઆત કરી હોય તેવા ઘણા દ્રષ્ટાંત શાસ્ત્રોમાં જોવા મળે છે. તેથી ધર્મ યુદ્ધમાં જતા પહેલા શસ્ત્ર પૂજન પણ કરવામાં આવતું હતું. તેથી આજના દિવસે શસ્ત્ર પૂજનનો અનેરો મહિમા છે. હિન્દુ સમાજના લોકોના લોહીમાં વીરતા ઉત્પન્ન થાય તે માટે શસ્ત્ર પૂજન કરવામાં આવે છે. આજના દિવસે ભગવાન રામે અસત્યને સાથ આપનાર રાવણનો વધ કરેલ હતું તેથી આજના દિવસને વિજય સ્વરૂપે ઉજવવામાં આવે છે તેમજ આજના દિવસે જ માતા દુર્ગાએ નવ દિવસ સુધી યુદ્ધ કરી દશેરાના દિવસે જ મહિષાસુરનો વધ કર્યો હતો. તેથી હિન્દુ શાસ્ત્રમાં નવ દિવસ દુર્ગા સ્વરૂપ માઁ જગદંબાની આરાધના કરવામાં આવે છે. ઝાલોદ નગરમાં વિજયા દશમીના ઉત્સવ નિમિત્તે નગરજનો દ્વારા જલેબી ફાફડાની ખરીદી કરી તેની મજા માણી હતી તેમજ નવીન વાહન અને દુકાનોના મુહૂર્ત પણ કરવામાં આવેલ હતા. નગરપાલિકા દ્વારા ઝાલોદ નગરની કુળદેવી એવા ઝલાઈ માતાના મંદિર પાસે રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ આયોજનમા રાવણ ૪૫ ફૂટ ઉંચો, મેઘનાથ અને કુંભકર્ણની ઉંચાઈ ૩૫ ફૂટ રાખવામાં આવી હતી.

# ઝાલોદ પોલીસ સ્ટેશનમાં દશેરા નિમિતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ


। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

તારીખ ૧૨-૧૦-૨૦૨૪ શનિવારના રોજ દશેરા નિમિત્તે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં શસ્ત્ર પૂજન બપોરે ૧:૨૦ વાગે કરવામાં આવ્યું હતું. આ શસ્ત્ર પૂજનમા પી.આઈ રાઠવા, પી.એસ.આઈ માળી, પી.એસ.આઈ સિસોદિયા માટે સહિત સમગ્ર પોલિસ સ્ટાફ પૂજનમા હાજર રહ્યો હતો...

# ઝાલોદ તાલુકાના નાનસલાઈ મુકામે રહેતા પટેલ દંપતી દ્વારા અંગદાન કરવાનો સંકલ્પ કરી સમાજને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દાહોદ જીલ્લાને અર્પિત કરેલ અનુપમ ભેટ એટલે " ઝાયડ્સ મેડીકલ કોલેજ " આ કોલેજમાં લગભગ ૧૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓ તબીબી અભ્યાસ કરી રહ્યા છે,ત્યારે આ વિદ્યાર્થીઓનાં પ્રાયોગિક અભ્યાસ અર્થે પ્રત્યક્ષ માનવનાં મૃતદેહની આવશ્યકતા રહેતી હોય છે, અને પ્રાયોગિક અભ્યાસ વગરનું જ્ઞાન ક્યારેક વ્યક્તિની નિપુણતા પ્રાપ્તિમાં ઉણપ રહી હોય તેવું અનુભવાતું હોય છે, ત્યારે મૃત્યુ પછી કોલેજનાં તબીબી વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓનાં અભ્યાસ અર્થે વધુ લોકો " દેહદાન " અને શરીરનાં કોઈ અંગ ખોટકાઈ જવાના કારણે અંગોની પ્રતિક્ષામાં જીવન મરણ વચ્ચે પથારીવશ દર્દીને નવજીવન મળે તેવાં હેતું થી બ્રેનડેડ થાય તો તેમનાં અંગોનું દાન થાય તેવા આશય થી વધુ ને વધુ લોકો "અંગદાન" નો સંકલ્પ કરી મદદરૂપ થાય તે માટે આ અભિયાન ચાલી રહ્યું છે અને લોકો ને આ માટે અપીલ કરવામાં આવી રહી છે. ઝાલોદ તાલુકાના રણીયારના વતની અને હાલ નાનસલાઈ ગામે રહેતા શિવાભાઈ કાનજીભાઈ પટેલ કે જેઓ નિવૃત સરકારી કર્મચારી છે , તેઓએ અને તેમનાં પત્ની ગીતાબેન ઉર્ફે ગોદાવરીબેન પટેલે "અંગદાન" અને "દેહદાન" નો સંકલ્પ કરી સમાજમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું છે, આમ આવા પ્રેરણાદાયક સંકલ્પ કરવાં બદલ દંપતી ને અભિનંદન હોસ્પિટલ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# દીવડા કોલોની વસાહતમાં હવન કાર્યક્રમ


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૨ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની ગામે નવલી નવરાત્રી દરમિયાન આસો સુદ આઠમને શુક્રવાર ના રોજ માં શક્તિ નવ દુર્ગાના હવનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સારદીય નવરાત્રી દરમિયાન શ્રી જમનાબેન માતાજી ઉપવાસી રહી મા દુર્ગાની ભક્તિભાવથી પ્રાર્થના આરાધના કરે છે. આ દરમિયાન મૌન પણ રાખવામાં આવે છે પાવાગઢના મહાકાળી માતાના હવનના આદેશ મુજબ અહીંયા પણ હવન થાય છે.આસપાસ ના વિસ્તારના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે.શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન કરવામાં આવે છે. શ્રી પરમાભાઈ શ્રી થાવરાભાઈ શ્રી અરવિંદભાઈ, શ્રી ગોવિંદભાઈ એ દર્શનનો લાભ લીધો હતો.

# માઁ શક્તિ શેરી ગરબા નગરપાલિકા વિસ્તાર દ્વારા આજે ૧૦૧ થી વધુ કન્યા પૂજન અને શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

તારીખ ૧૧-૧૦-૨૦૨૪ નવરાત્રીનો છેલ્લો દિવસ એટલે નવે નવ દિવસના ગરબા અને નવરાત્રી પૂજાના ફળ સ્વરૂપ નગરપાલિકાના ચોકમાં માઁ શક્તિ ગરબા મંડળ દ્વારા કન્યા પૂજન અને શસ્ત્ર પૂજનનુ આયોજન કરવામાં આવ્યું હતું. કન્યા પૂજનનું મહત્વ શાસ્ત્રોમા ખૂબ જ મોટું ગણાવ્યું છે. નાની નાની ભૂલકીઓ ખૂબ સુંદર તૈયાર થઈ આવી હતી. અને ગરબે પણ ઘૂમી હતી. માઁ શક્તિ ગરબા મંડળ દ્વારા પ્રતિવર્ષ કન્યા પૂજન અને શસ્ત્ર પૂજનનુ આયોજન કરવામાં આવે છે. નવરાત્રીના છેલ્લા દિવસે માઁ શક્તિ ગરબા મંડળ દ્વારા ઝાલોદ



નગરના ડી.વાય.એસ.પી પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ.આઈ માળી ,પી.એસ.આઈ સિસોદિયા અને પોલિસ સ્ટાફના લોકોને પરિવાર સાથે કન્યા પૂજન કરવા અને આરતી કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આજના આ કન્યા પૂજાનો લ્હાવો લેવા મોટા પ્રમાણમાં લોકો આવ્યા હતા. ૧૦૧ થી વધુ કન્યાઓનું પૂજન મંત્રોચ્ચાર સાથે પૂજાવિધિ કરવામાં આવી હતી. આ પૂજાનો લ્હાવો લેવા આવેલ વ્યક્તિઓ અને માઁ શક્તિ ગરબા મંડળ દ્વારા બાળકીઓને ગિફ્ટ પણ આપવામાં આવી હતી. ગિફ્ટ લઈ દરેક બાળકીઓ ખુશ ખુશાલ જોવા મળતી હતી. ગરબાની શરૂઆત કરતા પહેલા માતાની આરતી આમંત્રિત મહેમાનો અને ઉપસ્થિત લોકો દ્વારા કરવામાં આવી હતી. તેમજ સાથે સાથે ઉપસ્થિત લોકોએ શસ્ત્ર પૂજનનો પણ લ્હાવો લીધો હતા.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા સંદેશ આપતા સુંદર નાટકનુ આયોજન વિવિધ વિસ્તારોમાં કરવામાં આવ્યું

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા આયોજિત કબડ્ડી સ્પર્ધામા કુલ ૨૩ કોલેજની ટીમોએ ભાગ લીધો**


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ આખા ભારત દેશમાં વિવિધ નાટકો, ભવાઈ તેમજ અલગ અલગ વિસ્તારોમા વિવિધ જાતના પ્રોગ્રામો કરી સ્વચ્છતા અંગે લોકોને જાગૃત કરવામાં આવી રહેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિશનને સફળતા મળે તેમજ વધુમાં વધુ લોકો સ્વચ્છતા સંદેશ થકી વધુ જાગૃત બને તે માટે ઝાલોદ નગરપાલિકા પણ સતત પ્રયત્નો કરી રહેલ છે. આજરોજ સ્વચ્છતા અંગે સંદેશ પાઠવવા તેમજ લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધે તે માટે નગરપાલિકા વિસ્તારના બસ સ્ટેશન, આંબેડકર ચોક ,સ્વર્ણિમ સર્કલ, ભરત ટાવર, ભીલ રાજા ઝાલા વસૈયા ચોક ખાતે એક નાટક દ્વારા લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ નાટક દ્વારા સ્વચ્છતા અંગે સંદેશો આપતા જણાવ્યું કે લોકો પ્લાસ્ટિકની થેલી, ચા ના કપ આનો ઉપયોગ ટાળે, ઘર દુકાનોમાં લીલો કચરો સૂકો કચરો અલગ અલગ રાખે, પોતાનું ગામ નગર કે શહેર સ્વચ્છ રહે તે માટે કચરો જ્યાં ત્યાં ન ફેંકી કચરા પેટીનો ઉપયોગ કરીએ, સ્વચ્છતા માટે દરેક ભારતીય સંકલ્પ લઈ અઠવાડિયામા એક વાર પોતાની શેરી મહોલ્લામા શ્રમદાન કરે , સ્વચ્છતા ત્યાં પવિત્રતાના ઉદેશ ને સાચા અર્થમાં સાર્થક કરે. આપણે સહુ જો સ્વચ્છતા અંગે જાગૃત રહેશુ શુધ્ધ હવા, પાણી અને ખોરાક મળશે જેથી લોકો બીમાર નહીં પડે. આવા સુંદર વિચારો દ્વારા સુંદર નાટક નગરપાલિકા વિસ્તારમાં કરવામાં આવ્યા હતા... આપણે સહુ જો સ્વચ્છતા અંગે જાગૃત રહેશુ શુધ્ધ હવા, પાણી અને ખોરાક મળશે જેથી લોકો બીમાર નહીં પડે. આવા સુંદર વિચારો દ્વારા સુંદર નાટક નગરપાલિકા વિસ્તારમાં કરવામાં આવ્યા હતા...

# સાવરકુંડલા પોલીસ મથકમાં પ્રોફેસર અને વિદ્યાર્થી સામે પોક્સો હેઠળ ફરિયાદ

। (માહિતી) અમરેલી,તા.૧૨ ।

અમરેલીના સાવરકુંડલા પોલીસ મથકમાં પ્રોફેસર અને વિદ્યાર્થી સામે પોક્સ હેઠળ ફરિયાદ નોંધાઈ. પ્રોફેસર અને વિદ્યાર્થી બંને કણકીયા કોલેજના હોવાનું સામે આવ્યું. કોલેજમાં પી.ટીના પ્રોફેસર કબડી સ્પર્ધામાં ભાગ લેવા જતા સમયે વિદ્યાર્થીની સાથે શારીરિક અપડલાં કર્યા હતા. આ વર્તણૂંકને લઈને કોલેજના પી.ટી. પ્રોફેસર એજાજ કાજી અને સાબિર મલેક નામના વિદ્યાર્થી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કણાકિયા કોલેજની ટીમે રાજકોટ કબડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. કબડી સ્પર્ધામાં ભાગ લેવા કોલેજની ટીમ તુફાન ગાડીમાં પ્રોફેસર અને વિદ્યાર્થીઓ સાથે રાજકોટ જઈ રહી હતી. દરમ્યાન ગાડીમાં જ પી.ટી.પ્રોફેસરે વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કર્યા હતા. ગુરુને લાંછન લગાવનાર આવા લંપટ શિક્ષક સામે ફરિયાદ દાખલ કરવામાં આવી.

# પેન્શન ઓફિસના નાયબ હિસાબનીશ ૫ હજારની લાંચ લેતા ઝડપાયા

। અમદાવાદ,તા.૧૨ ।

લાલ દરવાજા પાસે અપના બજારમાં આવેલી પેન્શન ચુકવણીની ઓફિસમાં કામ કરતા નાયબ હિસાબનીશ કર્મચારી મહેશ દેસાઈ એસીબીના છટકામાં રૂ.૫૦૦૦ની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. એસીબીના ફરિયાદીના દાદાનું મૃત્યુ થતાં તેમના વારસ તરીકે દાદીને પેન્શન મળતું હતું. ચાલુ વર્ષનો હયાતીનો પુરાવો રજૂ કરવાનો બાકી હતો એ દરમિયાન જ દાદીનું મૃત્યું થયું હતું. આથી પેન્શનની રૂ.૧ લાખની રકમ મળવાની બાકી હતી. આથી આ રકમ મેળવવા માટે પેન્શન ઓફિસનો સંપર્ક કર્યો હતો. આથી નાયબ હિસાબનીશ કર્મચારી મહેશ દેસાઈએ રૂ.૧ લાખની બાકી રકમ અપાવવામાં મદદ કરી હતી. આ પેટે રૂ.૫૦૦૦ની લાંચ માગી હતી. આ લાંચ લેવા પ્રહ્લાદનગર ખાતે મહેશ દેસાઈ આવ્યા ત્યારે એસીબીના છટકામાં ઝડપાઈ ગયા હતા. ફરીયાદીના દાદાનું મૃત્યુ થતા તેમનું પેન્શન તેમની દાદીને મળતું હતું. પરંતુ દાદીનો હયાતીઓ પુરાવો પેન્શન ઓફિસમાં રજુ કરવાનો સમય થઈ ગયો હતો તે દરમિયાન ફરિયાદીના દાદી પણ ગુજરી ગયા હતા. ત્યારે પેન્શનના રૂ.૧ લાખ ફરિયાદીને લેવાના બાકી નીકળતા હતા. જેથી પેન્શન ચુકવણીની ઓફિસમાં નાયબ હિસાબનીશ મહેશ દેસાઈએ ફરિયાદીને રૂપિયા અપાવ્યા હતા.

# ચાંદખેડામાં બીમાર મિત્રને જોવા આવેલા યુવક પર પત્ની-સાસરિયાએ હુમલો કર્યો, સાત વર્ષથી કોઇના કોઇ કારણોસર કકળાટ ચાલી રહ્યો હતો

। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૧૨ ।

વડોદરામાં ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતો યુવક ચાદખેડાની એક હોસ્પિટલમાં બિમાર મિત્રની ખબર પૂછવા માટે આવ્યો હતો. ત્યારેજ ત્યાં તેની પત્ની, સાળો અને સાસરીયા આવી ગયા હતા. જેમણે ફાયર ઓફીસર યુવક પર હુમલો કરી તેને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બાબતે ફાયર ઓફિસરે ચાંદખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ આદરી છે. વડોદરા જીઆઈડીસી ફાયર સ્ટેશનમાં રહેતા નિકુંજ આઝાદે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પત્ની હેતલ પરમાર, અતુલ પરમાર અને મમતા પરમાર વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે. નિકુંજ તેની પત્નિ હેતલ અને દીકરા સાથે નવ વર્ષથી વોડદરા ખાતે રહે છે અને ફાયરબ્રીગેડમાં સ્ટેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. નિકુંજના લગ્ન વર્ષ ૨૦૧૩માં દાણીલીમડાની હેતલ પરમાર સાથે થયા હતા. હેતલ અને નિકુંજ વચ્ચે સાત વર્ષથી કોઈના કોઈ કારણોસર કકળાટ ચાલી રહ્યો છે. નિંકુજનો આક્ષેપ છે કે પત્નિ અવારનવાર પૈસાની માંગણી કરી ખોટા ખર્ચા કરતી હતી. થોડા સમય પહેલા નિકુંજના મિત્રને ચાંદખેડા ખાતે આવેલી એક હોસ્પિટલમાં દાખલ કર્યો હતો જેથી તે ખબર કાઢવા માટે આવ્યો હતો. નિકુંજ તેના મિત્ર સાથે હોસ્પિટલમાં બેઠો હતો ત્યારે હેતલ સાળો અતુલ અને સાળી મમતા તેમજ સાસરીયના બીજા સગા આવી પહોચ્યા હતા. હેતલ સહિતના લોકોએ નિકુંજને ગાળો આપી હતી. નિકુંજે તમામને હોસ્પિટલથી જતા રહેવાનું કહેતા તે વધુ ઉશ્કેરાયા હતા અને મારમારી શરૂ કરી દીધી હતી. હેતલ મમતા, અતુલ સહિતના લોકોએ નિકુજ સાથે મારઝુડ કરી હતી અને ઢૂક મુકનો માર માર્યો હતો. નિકુંજ પોતાનો જીવ બચાવવા માટે હોસ્પિટલથી ભાગ્યો તો ત્રણેય જણાએ તેને ફરીથી ઝડપી લીધો હતો અને મારમારવા લાગ્યો હતો. અતુલે નીંકુજને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નીકુંજે બુમાબુમ કરતા અંતે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બાદમાં પત્નિ સહિતના લોકો ત્યાથી જતા રહ્યા હતા. નિકુંજે આ મામલે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે જેમાં પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે- પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો-તો તમે તમારા હિતોને જ નુકસાન કરશો-ધીરજપૂર્વક પરિસ્થિતિ સાથે કામ લેવું એ એકમાત્ર બાબત જ તમને અનુકુળ પરિણામો તરફ દોરી જશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.



**મકર (ખ,જ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.







રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત નાગપુરમાં 'વિજ્યાદશમી'ના આયોજકો દ્વારા આયોજિત કાર્યક્રમ દરમિયાન 'શાસ્ત્ર પૂજા' કરે છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સુકના મિલિટરી સ્ટેશન ખાતે એક કાર્યક્રમ દરમિયાન 'વિજયાદશમી'ના અવસર પર 'શાસ્ત્ર પૂજા' કરે છે.

## ન્યૂઝ બ્રિફ

### યુપી સરકાર ૧.૮૫ કરોડ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર આપશે

। (એજન્સી) લખનૌ, તા.૧૨ ।

દિવાળી પહેલા ઉત્તર પ્રદેશની યોગી સરકાર મહિલાઓને મોટી ભેટ આપવા જઈ રહી છે. આ વર્ષે દિવાળી પર, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ, યુપી સરકાર ૧.૮૫ કરોડ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર આપશે. આ અંગે સીએમ યોગી આદિત્યનાથે આદેશ જારી કરીને અધિકારીઓને દિવાળી પહેલા તમામ પ્રકારની વ્યવસ્થા કરવા માટે નિર્દેશ આપ્યો છે જેથી તમામ લાભાર્થીઓને સમયસર આ યોજનાનો લાભ મળી શકે. યુપીના સીએમ યોગી આદિત્યનાથે પોતાના આદેશમાં કહ્યું કે, દિવાળીના અવસર પર 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના તમામ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડરનું વિતરણ કરવામાં આવનાર છે.

### ગૂગલ મેપના સહારે રાતે મુસાફરી કરવી ભારે પડી

। (એજન્સી) કેરળ, તા.૧૨ ।

કેરળમાં માર્ગ દુર્ઘટનાનો અજીબોગરીબ મામલો સામે આવ્યો છે. કોચ્ચિ જિલ્લાના પટ્ટીમેટમ નજીક એક દંપતીની કાર ૧૫ ફૂટ ઊંડા કૂવામાં પડી ગઈ. જોકે, દુર્ઘટનામાં બંને લોકો ચમત્કારિક રીતે બચી ગયા છે. શનિવારે કોચ્ચિ પોલીસે આ જાણકારી આપી છે.

આ ઘટનાની વધુ જાણકારી આપતાં પટ્ટીમેટમ ફાયર વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે રસ્તા પર એક ઊંડો ખાડો હતો પરંતુ દંપતીને તેના વિશે ખબર નહોતી. જ્યારે કાર ત્યાંથી પસાર થઈ તો તેમણે વાહન પરથી નિયંત્રણ ગુમાવી દીધું.

### ઈવીએમની બેટરીમાં લોચો, કોંગ્રેસે ચૂંટણી પંચને કરી ફરિયાદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસે હવે ઈવીએમ પર સવાલો ઊઠાવવાનું શરૂ કરી દીધું છે. કોંગ્રેસ નેતા પવન ખેડાએ જણાવ્યું હતું કે, 'પક્ષે ચૂંટણી પંચને ૨૦ બેઠકોની યાદી મોકલી છે, જ્યાં તાજેતરમાં યોજાયેલી હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં મત ગણતરી દરમિયાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પર ઉમેદવારોએ લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે.' ઈવીએમ બેટરી પર સવાલ ઊઠાવતા કોંગ્રેસ નેતા પવન ખેડાએ જણાવ્યું હતું કે,'અમે ચૂંટણી પંચને ૨૦ બેઠકોની યાદી મોકલી છે, જેના વિશે અમારા ઉમેદવારોએ ૯૯ ટકા બેટરી ચાર્જ થવાની લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે.

### વડાપ્રધાન મોદીએ આપ્યા કાર્યવાહીના નિર્દેશો

# દાગી અને ભ્રષ્ટ અધિકારીઓને ટૂંકમાં નિવૃત્ત કરવામાં આવશે!

### મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળમાં ભ્રષ્ટ અને આળસુ અધિકારીઓ કર્મચારીઓની ઓળખ કરાઈ રહી છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળમાં ભ્રષ્ટ અને આળસુ અધિકારીઓ કર્મચારીઓની ઓળખ કરી તેમને જબરદસ્તીથી નિવૃત્ત કરવાની તૈયારી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓ અને સચિવોને નિર્દેશ આપ્યો છે કે તેઓ મંત્રાલયોના કામકાજમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે મિશન મોડમાં કામ કરે. આ નિર્દેશ મંત્રિમંડળની બેઠકમાં આપવામાં આવ્યો, જ્યાં વડાપ્રધાન મોદીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ અભિયાન તેજ કરવા પર ભાર મૂક્યો. વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય સિવિલ સેવા (CCS) નિયમોનો હવાલો આપતા કેન્દ્રીય સચિવોને કર્મચારીઓનું મૂલ્યાંકન કરવા અને તેમની વિરુદ્ધ ફરિયાદ કરનારાઓ વિરુદ્ધ ત્વરિત કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે આ વાત પર પણ ભાર મૂક્યો છે કે પ્રામાણિક અને કામ કરનારી સરકારને




ચૂંટણીઓમાં જનતા પુરસ્કૃત કરે છે. તેમણે હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં ભાજપની ચૂંટણી સફળતાનો હવાલો આપતા જન ફરિયાદોના ત્વરિત નિરાકરણ અને સારા શાસન પર ભાર મૂક્યો.

સૂત્રો અનુસાર, મોદીએ અધિકારીઓ અને મંત્રીઓને નિર્દેશ આપ્યો છે કે તેઓ સુનિશ્ચિત કરે કે ફાઈલો એક ડેસ્કથી બીજા ડેસ્ક પર ન ધકેલાય, પરંતુ તેમનું ત્વરિત નિરાકરણ થાય. PMએ અધિકારીઓને અઠવાડિયામાં એક દિવસ ફરિયાદોના નિરાકરણ અને રાજ્ય મંત્રીઓની પ્રગતિની દેખરેખ માટે સમર્પિત કરવાનું પણ કહ્યું છે. તેમણે એ પણ કહ્યું કે મંત્રાલયોમાં કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓએ લોકોનું જીવન સરળ બનાવવાની દિશામાં કામ કરવું જોઈએ. ફરિયાદો પર ત્વરિત કાર્યવાહી થવી જોઈએ.

મોદીએ કહ્યું છે કે એવા અધિકારીઓ અને કર્મચારીઓ જેમની ઓળખ ભ્રષ્ટ અથવા આળસુ તરીકે છે, તેમને સેવામાંથી દૂર કરી દેવા જોઈએ. સૂત્રોએ જણાવ્યું કે મોદીએ જણાવ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં PMOને લોકોની ફરિયાદો સહિત ૪.૫ કરોડ પત્રો પ્રાપ્ત થયા, જ્યારે મનમોહન સિંહના કાર્યકાળના અંતિમ પાંચ વર્ષોમાં માત્ર ૫ લાખ આવા પત્રો પ્રાપ્ત થયા હતા. તેમણે આ વાત પર ભાર મૂક્યો કે લોકો ફરિયાદોના નિવારણ પ્રત્યે વધુ આશાવાદી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આમાંથી લગભગ ૪૦ ટકા કેસો કેન્દ્ર સરકારના વિભાગો અને એજન્સીઓ સાથે સંબંધિત હતા, જ્યારે બાકીના ૬૦ ટકા કેસો રાજ્ય સરકાર સાથે સંબંધિત હતા.

### જેલમાં ભજવાઈ રહી હતી રામલીલા, બે કેદીઓ વાનર બનીને ભાગી ગયા

। (એજન્સી) હરિદ્વાર,તા.૧૨ ।

ઉત્તરાખંડના હરિદ્વાર જેલમાંથી બે કેદીઓ નાસી છૂટ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. કહેવામાં આવી રહ્યું છે કે જેલમાં બાંધકામનું કામ ચાલી રહ્યું હતું, તેનો ફાયદો ઉઠાવીને તેઓ ફરાર થઈ ગયા. રિપોર્ટ્સનું માનીએ તો નવરાત્રિ દરમિયાન જેલમાં રામલીલાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે તમામ અધિકારીઓ અને કેદીઓ રામલીલા જોવામાં વ્યસ્ત હતા. જેનો લાભ લઈને કેદીઓ વાંદરાઓનો વેશ ધારણ કરીને દિવાલ કૂદીને ભાગી છૂટ્યા હતા. કેદી પંકજ રૂરકીનો રહેવાસી છે, તે હત્યાના કેસમાં સજા કાપી રહ્યો છે અને કેદી રાજકુમાર ઉત્તર પ્રદેશના ગોંડાનો રહેવાસી છે. તે અંડરટ્રાયલ કેદી છે. મોકો મળતા જ બંને જેલમાંથી ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ જેલમાં હાઈ સિક્યોરિટી બેરેક બનાવવામાં આવી રહી હતી, અહીં એક સીડી લગાવવામાં આવી હતી. જેનો ઉપયોગ કરીને કેદીઓ નાસી છૂટ્યા હતા.

### અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત

# દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કાર પલટતા ભયાનક અકસ્માત

### એક્સપ્રેક્સ વે રોડ પર ખાડો હોવાથી અકસ્માત થયો હતો

। અલવર, તા.૧૨ ।

રાજસ્થાનના અલવરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર રસ્તા વચ્ચે ખાડો હોવાના લીધે ગમખ્વાર કાર અકસ્માત સર્જાયો છે. આ કાર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતનો ભોગ બનેલો પરિવાર હરિયાણાથી બાલાજીના દર્શ કરવા જઈ રહ્યો હતો. આ મૃતકોમાં પિતા, પુત્ર અને પુત્રીનો સમાવેશ થાય છે.

અલવરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેક્સ વે રોડ પર ખાડો હોવાથી કેટા કાર પલટી જતા એક વ્યક્તિ અને તેના પુત્ર-પુત્રીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ સાથે જ બે લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. મૃતક અને ઈજાગ્રસ્તો એક જ પરિવારના સભ્યો છે, જે હરિયાણાના નારનૌલથી બાલાજી દર્શન માટે નીકળ્યા હતા.



આ અકસ્માત રાત્રે અલવર જિલ્લાના પિનાન નજીક ભડોલી પાસે સર્જાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે અકસ્માત ટાળે કારમાં છ લોકો સવાર હતા. તેમાં ૮ વર્ષનો એક બાળક પણ હતો, જેને અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચી છે. આ અકસ્માતમાં હરિયાણાના નારનૌલના રહેવાસી વિદ્યાનંદ અને તેમના પુત્ર શુભમ યાદવનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે શુભમના બહેન સોનિકા યાદવ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બાદમાં તેને નજીકના સારવાર કેન્દ્રમાં લઈ જવાઈ હતી અને ત્યાંથી અલવર જિલ્લા હોસ્પિટલમાં રિફર કરાઈ હતી. ત્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું.

આ અકસ્માતમાં શુભમના માતા સંતોષ યાદવ અને સોનિકા યાદવનો પુત્ર કારવ યાદવ ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. કારવે જણાવ્યું હતું કે 'અમે બાલાજી મંદિર દર્શન માટે નીકળ્યા હતા. અકસ્માત પહેલાં અમે એક હોટલમાં રોકાયા હતા. હોટલેથી નીકળ્યા બાદ આ અકસ્માત સર્જાયો હતો. કારમાં મારી સાથે મારા નાના-નાની અને મામા પણ હતા. અકસ્માતની જાણ થતાં રૈણી પોલીસ અને પેટ્રોલિંગ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે રૈણી હોસ્પિટલમાં રખાયા છે.

તમને જણાવી દઈએ કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ પર રિપેરિંગ ચાલી રહ્યું છે. અહીં રસ્તા ખોદેલા હતા અને બેરિકેડ્સ થોડે દૂર રખાયા હતા. તેથી રાતના સમયે ડ્રાઈવરને બેરિકેડ્સ દેખાયા નહી અને કાર ખાડામાં પછડાતા જ પલટી ખાઈ ગઈ.

### કેનેડાના સંબંધો અંગે આપ્યું મોટું નિવેદન

# કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડોએ મોદી સાથે મુલાકાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડોએ શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ લાઓસમાં આસિયાન સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બે દેશો કેનેડા અને ભારત વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો તરફ ઈશારો કરતા જસ્ટિન ટૂડોએ કહ્યું કે અમારે જે કામ કરવાની જરૂર છે તે અંગે ચર્ચા થઈ હતી. જસ્ટિન ટૂડોએ લાઓસમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, મેં ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણે થોડું કામ કરવાની જરૂર છે. અમે જે વિશે વાત કરી છે તેના વિશે હું વિગતમાં જવાનો નથી, પરંતુ મેં ઘણી વાર કહ્યું છે કે કેનેડિયનોની સુરક્ષાનું રક્ષણ કરવું અને કાયદાનું શાસન જાળવવું એ કોઈપણ કેનેડિયન સરકારની મૂળભૂત જવાબદારીઓમાંની એક છે. આના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું



ચાલુ રાખો. વધુમાં જસ્ટિન ટૂડોએ જણાવ્યું હતું કે કેનેડાએ ભારત સાથે તેના વેપાર સંબંધો અને લોકો વચ્ચેના સંબંધો વિકસાવવાનું ચાલુ રાખવાની જરૂર છે, પરંતુ કેટલાક વાસ્તવિક મુદ્દાઓ છે જેને આપણે ઉકેલવાની જરૂર છે અને અમે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશું. ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા અને ભારત સરકાર દ્વારા વોન્ટેડ હરદીપ સિંહ નિજ્જર જૂન ૨૦૨૩ માં કેનેડાના સરેમાં ગોળીબારમાં માર્યા ગયા હતા. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડોએ દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હોવાના વિશ્વસનીય આરોપો છે.

### ઢકામાં પૂજા મંડપ પર હુમલા પછી ભારતની ચીમકી

# ભારતે બાંગ્લાદેશને પૂજા સ્થળોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની ચીમકી આપી

### આ ઘટનાઓ એક ચોક્કસ પેટર્ન પ્રમાણે જ થાય છે : જયસ્વાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં પૂજા મંડપ પર હુમલો અને બાંગ્લાદેશના સતખીરામાં જેશોરેશ્વરી કાલી મંદિરમાં ચોરીની ઘટના પર ભારતે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને તેને જઘન્ય કૃત્ય ગણાવ્યું. ભારતે બાંગ્લાદેશ સરકારને હિન્દુઓ અને તમામ અલ્પસંખ્યકો સાથે તેના પૂજા સ્થળોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની ચીમકી આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં કહ્યું કે, 'અમે ઢાકાના તાંતીબજારમાં પૂજા મંડપ પર હુમલા અને સતખીરામાં પ્રતિષ્ઠિત જેશોરેશ્વરી કાલી મંદિરમાં ચોરીની ઘટના પર ગંભીર ચિંતા વ્યક્ત કરીએ



છીએ. આ ઘટનાઓ એક ચોક્કસ પેટર્ન પ્રમાણે જ થાય છે. એટલે બાંગ્લાદેશ સરકારે હિન્દુઓ, લઘુમતીઓ અને પૂજા સ્થળોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ.'

જયસ્વાલે કહ્યું કે, 'આ નિંદનીય ઘટનાઓ છે. તેઓ મંદિરો અને દેવતાઓને અપવિત્ર કરવા અને નુકસાન પહોંચાડવાની એક ચોક્કસ પેટર્ન અપનાવે છે, જેને અમે છેલ્લા કેટલાક દિવસોથી જોઈ રહ્યા છીએ.' વિદેશ મંત્રાલયના પ્રવક્તાનું નિવેદન જૂના ઢાકાના તાંતીબજાર વિસ્તારમાં એક દુર્ગા પૂજા મંડપમાં ક્રૂડ બોમ્બ ફેંકાયાની ઘટના બાદ આવ્યું છે. બાંગ્લાદેશ સ્થિત પ્રોથોમાલોના રિપોર્ટના અનુસાર, બોમ્બમાં હળવી આગ લાગી ગઈ અને આ ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ. હિન્દુઓ અને લઘુમતીઓની સુરક્ષાનું આહ્વાન કરતા જયસ્વાલે કહ્યું કે, 'અમે બાંગ્લાદેશ સરકાર પાસે હિન્દુઓ અને તમામ અલ્પસંખ્યકો અને તેના પૂજા સ્થળોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું આહ્વાન કરીએ છીએ. શુભ તહેવારોના સમયે તો આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.' પ્રોથોમાલોના રિપોર્ટ અનુસાર, પોલીસને કાચની બોટલમાં પેટ્રોલ ભરીને બનાવેલો બોમ્બ મળ્યો છે.

### લાંબા સંઘર્ષ અને વર્લ્ડ વોર ૩ ની આશંકાને હવા મળી

# બ્રાઝિલના ભવિષ્યવક્તા અથોસ સલોમે ત્રીજા વિશ્વ યુદ્ધની ભવિષ્યવાણી કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

મિડલ ઈસ્ટમાં અત્યારે ચાલી રહેલા યુદ્ધ અને તણાવ પર સમગ્ર દુનિયાની નજર છે. દરરોજ એવા સમાચાર સામે આવી રહ્યાં છે જે લાંબા સંઘર્ષ અને વર્લ્ડ વોર ૩ ની આશંકાને હવા આપી રહ્યાં છે. આ માહોલમાં ઘણા એસ્ટ્રોલોજર પોતાની ભવિષ્યવાણીઓની સાથે સામે આવી રહ્યાં છે અને આમાં સૌથી ચર્ચિત છે બ્રાઝિલના ભવિષ્યવક્તા અથોસ સલોમ.અથોસ સલોમ, જેમને જીવતા નાસ્ત્રેદમસ કહેવામાં આવે છે. તેમના જણાવ્યા અનુસાર ત્રીજું વિશ્વ યુદ્ધ ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ ટેકનિકના વધતાં ઉપયોગના કારણે થઈ શકે છે. મુખ્ય રાષ્ટ્રો પાસે તકનીકી વિક્ષેપ પેદા કરવાની ક્ષમતા છે, જે આ યુદ્ધને વાસ્તવિકતામાં ફેરવી શકે છે. સોશિયલ મીડિયા પર તેમની ભવિષ્યવાણીને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. તેનું કારણ તેમની ગત ભવિષ્યવાણીઓ છે. જે મોટાભાગે સાચી સાબિત થઈ છે, જેમાં માઈક્રોસોફ્ટના ગ્લોબલ આઉટેજ, કોરોનાવાયરસ મહામારી અને ઈલોન મસ્કના ટ્વીટર અધિગ્રહણ જેવી ઘટનાઓ સામેલ હતી. સલોમનું માનવું છે કે આગામી સમયમાં ઈરાન અને ઈઝરાયલ, બંને દેશ પોતાની સૈન્ય રણનીતિઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધુ ઉપયોગ કરી શકે છે. સાથે જ એ પણ ચેતવણી આપી કે AI નો શાંતિ જાળવી રાખવા માટે ઉપયોગ થઈ શકે છે પરંતુ જો તેનો ખોટો ઉપયોગ થયો તો આ સંઘર્ષને વધારી શકે છે. આ સ્થિતિ વિશ્વને મોટા યુદ્ધની અણી પર લાવી શકે છે. સલોમના જણાવ્યા અનુસાર EMP તકનીકનો વધતો ઉપયોગ, ખાસ કરીને અમેરિકા, રશિયા, ચીન અને ઉત્તર કોરિયા જેવા દેશોમાં, એક મોટા જોખમ તરફ ઈશારો કરી રહ્યો છે. સલોમ અનુસાર, EMP નો ઉપયોગ ત્રીજા વિશ્વ યુદ્ધમાં કરવામાં આવી શકે છે. જેનાથી 'ત્રણ દિવસનો અંધકાર' જેવી સ્થિતિ પેદા થઈ શકે છે. તેનાથી સમગ્ર દુનિયાનું ઈલેક્ટ્રોનિક માળખું ઠપ થઈ શકે છે. જેનાથી સમાજ તૂટી શકે છે અને દેશોમાં અરાજકતા ફેલાઈ શકે છે. EMP એક એવું સાધન છે જે માહિતી સિસ્ટમને નષ્ટ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ માનવો અને ઈમારતોને નુકસાન પહોંચાડતું નથી, પરંતુ ઈલેક્ટ્રોનિક સાધનોને નિષ્ક્રિય કરી શકે છે. આ સામાન્ય રીતે ઊંચાઈ પર થયેલા વિસ્ફોટોથી ટ્રિગર થાય છે.

# ખડગેએ હરિયાણા વિધાનસભાની ચૂંટણીના પરિણામો પર સવાલ ઉઠાવ્યા

### ખડગેએ ભાજપ અને વડાપ્રધાન પર પણ નિશાન સાધ્યું, તેમણે કહ્યું, પીએમ મોદીની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો પર સવાલ ઉઠાવ્યા છે. આ દરમિયાન તેમણે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, પીએમ મોદીની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે. પીએમ એવા લોકોને સમર્થન આપે છે જેઓ લઘુમતીઓને ધમકાવતા હોય છે. તેઓ દેશની વાત કરતા નથી.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણા




વિધાનસભા ચૂંટણીમાં ભાજપના પ્રદર્શન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, અમે હરિયાણામાં શું થયું તેનો રિપોર્ટ માંગી રહ્યા છીએ, રિપોર્ટ આવ્યા બાદ બધુ બહાર આવશે. આખો દેશ કહી રહ્યો હતો કે કોંગ્રેસ જીતશે, ભાજપના નેતાઓ પણ કહી રહ્યા હતા કે કોંગ્રેસ જીતશે. બધાએ જે કહ્યું તે છતાં શું કારણ હતું જેના કારણે હાર થઈ? કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, હરિયાણામાં કોઈ ગઠબંધન સાથી નહોતું, જમ્મુ અને કાશ્મીરમાં દ્વૈછ ગઠબંધન છે. હરિયાણામાં આવું કોઈ ગઠબંધન ભાગીદાર નહોતું. જો આપણે જીતીએ તો ઘણા લોકો તેનો શ્રેય લે છે અને જો આપણે હારીએ તો ઘણા લોકો ટીકા કરે છે.

હરિયાણા વિધાનસભા ચૂંટણી સિવાય પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક અવસરે કોંગ્રેસને શહેરી નક્સલ ગણાવી છે. આના પર તેમણે કહ્યું, "જેઓ બૌદ્ધિક છે તેમને શહેરી નક્સલ કહે છે. તેમની પોતાની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે, આ પાર્ટી આદિવાસી લોકોની લિંચિંગ અને રેપ કરનારાઓને સમર્થન આપે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે, જ્યાં પણ તેમની (ભાજપ) સરકાર છે, ત્યાં એસસી વર્ગ પર અત્યાચાર થાય છે, આદિવાસીઓ પર અત્યાચાર થાય છે, તેના ઉપર તેઓ પણ આવું બોલે છે. તમે તમારી સરકારને નિયંત્રિત કરી શકો છો, પરંતુ પીએમ મોદીને આવું કહેવાની આદત છે. દેશ વિશે ઓછું બોલો, લોકો વિશે ઓછું, પાર્ટી વિશે વધુ બોલો આરએસએસ ચીફ મોહન ભાગવતે શનિવારે (૧૨ ઓક્ટોબર ૨૦૨૪) બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારનો ઉલ્લેખ કર્યો હતો. આના પર કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું કે, કોઈ પણ દેશે અત્યાચાર ન કરવો જોઈએ.

### નવરાત્રિમાં ઓટો ઈન્ડસ્ટ્રીઝની દિવાળી

# નવા વાહનોનું ધૂમ વેચાણ, હજારો કરોડોનો બિઝનેસ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

દશેરાનું પર્વ દેશભરમાં ઉજવાય રહ્યું છે ત્યારે દશેરાનું આ મહાપર્વ ઓટો ડીલર્સને ફળ્યું છે. નવરાત્રી મહોત્સવનું વાતાવરણ દરમિયાન ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સનું વેચાણ અંદાજે ૩૦૦૦ કરોડને આંબી ગયું છે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રી દરમિયાન વેચાણ માટે નોંધાયેલા વાહનોની ૪૦ ટકા ડિલિવરી દશેરા પર્વે થઈ છે. દશેરાએ વાહન ખરીદનાર પરિવારમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો છે. સમગ્ર વર્ષ દરમિયાન નવરાત્રી મહોત્સવ અને દશેરા પર્વ એક એવો ઉત્સવ છે કે જેમાં સૌથી વધારે વાહનોની ખરીદી થતી હોય છે. આ વર્ષે પણ દશેરાનું પર્વ ઓટો ડીલર્સને ફળ્યું છે. સમગ્ર નવરાત્રી પ ર્વ દરમિયાન ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સના વેચાણમાં ૧૦%નો વધારો નોંધાયો છે અને આ ૧૦ દિવસના પ ર્વ દરમિયાન ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સનું વેચાણ અંદાજે ૩૦૦૦ કરોડને આંબી ગયું છે. ફેડરેશન ઓફ ઓટો ડીલર્સ એસોસિયેશનના ચેરમેન પ્રણવ શાહે



જણાવ્યું કે, સમગ્ર દેશમાં દશેરાનું પર્વ મનાવાઈ રહ્યું છે અને સમગ્ર દેશમાં વાહનોની ખરીદી પણ નવરાત્રી અને દશેરા પર્વે ખૂબ થતી હોય છે. આખા વર્ષ દરમિયાન જે વાહનોનું વેચાણ થતું હોય છે તેમાં સૌથી વધુ વાહનોનું વેચાણ નવરાત્રી અને દશેરાએ થતું હોય છે. આ નવરાત્રી પણ ઓટો ઈન્ડસ્ટ્રીઝને ફળી છે. નવરાત્રી દરમિયાન વાહનોના વેચાણમાં ૧૦% નો વધારો નોંધાયો છે. રાજ્યમાં વાહનોનું વેચાણ ૩,૦૦૦ કરોડને પાર પ હોંચ્યું છે. નવરાત્રીના પર્વ દરમિયાન ૯૦૦ કરોડ રૂપિ યાના ટુ વ્હીલરનું વેચાણ થયું છે જ્યારે ૨૧૦૦ કરોડ રૂપિયાનું ફોર વ્હીલરનું વેચાણ થયું છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે પણ ટુ-વ્હીલર અને ફોર વ્હીલર્સના વેચાણમાં ૧૦%નો ગ્રોથનો અંદાજ હતો તે પ્રમાણે વાહનોની ખરીદી થઈ છે. આ નવરાત્રી મહોત્સવ દરમિયાન ૮૦થી ૯૦,૦૦૦ જેટલા ટુ વ્હીલર્સનું વેચાણ થયું છે જ્યારે ૨૦થી ૨૧ હજાર જેટલા ફોર વ્હીલર્સનું વેચાણ થયું છે. ઘણા બધા ગ્રાહકોએ નવરાત્રી દરમિયાન વાહનોની ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને ડિલિવરી દશેરા પર્વે રાખી હતી, તે મુજબ ૪૦%થી વધારે વાહનોની ડિલિવરી દશેરાએ થઈ છે. કેટલાક ગ્રાહકોએ દશેરા પ્રવેશ શનિવાર આવતો હોવાથી આઠ અને નવના દિવસોમાં વાહનોની ડિલિવરી લીધી હતી તો વળી કેટલાક ગ્રાહકોએ રવિવારે સવારે વાહનની ડિલિવરી નોંધાવી છે. વાહનોની ડિલિવરી લેનાર પરિવારમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# ડ્રાયફ્રૂટ પણ સસ્તા લાગે તેવા ફાફડા અને જલેબીના ભાવ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

આજે અસત્ય પર સત્યના વિજયનો દિવસ એટલે દશેરાની દેશભરમાં ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. લોકો આ તહેવાર જલેબી-ફાફડા ખાઈને ઉજવી રહ્યાં છે. શુક્રવારે (૧૧ ઓક્ટોબર) નવરાત્રિનું છેલ્લું એટલે કે નવમું નોરતું હતું. ત્યારે ગુજરાતીઓએ મનભરીને વહેલી સવાર સુધી ગરબે ઘૂમી સીધાં જલેબી-ફાફડાની દુકાને પહોંચી ગયા હતાં. સવારથી જ તમામ ફરસાણની દુકાને લાંબી લાઈનો જોવા મળી રહી છે.

ગુજરાતીઓ ખાણી-પ ીણીના શોખીન તરીકે જાણીતા છે. ત્યારે વહેલી સવારથી લોકો જલેબી-ફાફડા ખરીદવા લાઈનમાં ઉભા રહી ગયાં હતાં. જોકે, આ વર્ષે દશેરાના દિવસે દશેરાના દિવસે જલેબી-ફાફડાના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ૧ કિલો ફાફડાના ૫૦૦ રૂપિયા અને શુદ્ધ ઘીમાં બનેલી જલેબીના ૬૦૦ તેમજ સીંગતેલની જલેબીના ૩૩ રૂપિયા ભાવ નોંધાયા છે.

આ વિશે દુકાનદારોને પણ આજે સારી એવી કમાણી જોવા મળી રહી છે. જે વિશે દુકાન માલિકોએ જણાવ્યું કે, આજના દિવસે સારો માહોલ જોવા મળી રહ્યો છે. સારા વાતાવરણને કારણે ગ્રાહકો આવી રહ્યાં છે, પરંતુ ઓનલાઈન ખરીદીના કારણે પહેલાં જેવી ભીડ જોવા નથી મળતી.

ગુજરાતીઓ દશેરાનો તહેવાર જલેબી-ફાફડા ખાઈને માણે છે. જેની પાછળ એક પ્રાચીન કથા જોડાયેલી છે. ભગવાન શ્રી રામને જલેબી ખૂબ પસંદ હતી, તેથી લોકો ભગવાન શઅરી રામની રાવણ પરની જીતને ઉજવવા માટે જલેબી ખાય છે. હિન્દુ ધર્મમાં એવી પણ માન્યતા છે કે, ઉપ વાસ ચણાનો લોટ ખાઈને તોડવો જોઈએ. નવરાત્રિના નવ દિવસના ઉપવાસ બાદ લોકો જલેબી-ફાફડા ખાઈને પ ોતાનો ઉપવાસ તોડે છે.

## રૂપાલમાં વરદાયિની માતાની પલ્લીમાં લાખો લિટર શુદ્ધ ઘીનો અભિષેક થયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

દર વર્ષે ગાંધીનગરના રૂપાલ ગામે વરદાયિની માતાની પલ્લી નીકળે છે. જેમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શન માટે આવતા હોય છે અને પલ્લી પર શુદ્ધ ઘીનો અભિષેક કરતા હોય છે. આ વર્ષે પણ રૂપાલ ગામે નીકળેલી પલ્લીમાં લાખો લીટર ઘીનો અભિષેક થયો છે. શ્રદ્ધાળુઓ દર વર્ષે અહીં દર્શન કરવા માટે દૂર દૂરથી આવતા હોય છે.

આ વર્ષે રૂપાલ ગામમાં નીકળેલી પલ્લી પર લાખો લિટર શુદ્ધ ઘીનો અભિષેક થયો છે. મળતી માહિતી પ્રમાણે પલ્લી ઉત્સવમાં ૪ લાખ લિટરથી વધુ ઘી અર્પણ કરાયું છે. માનતાના ભાગ રૂપે પણ પલ્લી પર શુદ્ધ ઘીનો અભિષેક કરવામાં આવ્યો. શેરીઓમાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. ૧૨ લાખથી વધુ ભાવિકોએ રૂપ ાલની પલ્લીના દર્શન કર્યા. મંદિર ઉપ રાંત ગામમાં ૨૪ સ્થળોએ માતાની પલ્લી રોકાઈ હતી.

ઉલ્લેખનીય છે કે રૂપાલ ગામે પલ્લીની આ પ્રથા મહાભારત કાળથી ચાલતી આવે છે. દંતકથા અનુસાર પાંડવોએ અજ્ઞાતવાસમાં જતા પહેલાં તેમના શસ્ત્રો છૂપાવ્યા હતા અને તે માટે તેમણે દેવીનું આહ્વાન કર્યું હતું. વરદાયિની માતાએ પ્રગટ થઈ પાંડવોને વરદાન આપ્યું હતું કે તેમનો અજ્ઞાતવાસ નિર્વિઘ્ને પાર પડશે. તો સામે પાંડવોએ પણ સંકલ્પ કર્યો હતો કે શારદીય નવરાત્રીની નવમી રાત્રે તેઓ વરદાયિની માતાના રથને બહાર કાઢીને ઘીનો અભિષેક કરાવશે. માન્યતા અનુસાર તે સમયથી આ પરંપરા ચાલી રહી છે. લાખો શ્રદ્ધાળુઓ માનતાના ભાગ રૂપે પણ વરદાયિની માતાને ઘી અર્પણ કરે છે. ખાસ તો બાળકોને પણ પ લ્લીના આશીર્વાદ લેવડાવે છે.

# ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ મામલે થયેલી રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, ખાલી જગ્યાઓના કારણે જિલ્લા ફોરમ કામ જ ના કરતુ હોય તો તેની રચનાનો શું મતલબ..? એકબાજુ રાજ્યમાં બેરોજગાર લોકો છે ને બીજીબાજુ, સરકાર ખાલી જગ્યાઓ ભરતી નથી. અગાઉ કોર્ટને જણાવાયું હતું કે, રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૩૮ માંથી પ્રેસિડેન્ટની ૨૦ રાજ્યના જિલ્લા ગ્રાહક



તકરાર નિવારણજગ્યાઓ અને ૭૬ માંથી ૪૭ જ્યુડીશિયલ મેમ્બરની જગ્યાઓ ખાલી છે. દરમિયાન ગ્રાહક બાબતોના વિભાગના સોગંદનામા મારફતે આજે અદાલતને જણાવાયું કે, આસીસ્ટન્ટ ડિરેક્ટરની જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પ્રમોશનથી ભરવાની થાય છે. જ્યારે એક જગ્યા સીધી ભરતીથી ભરવાની છે. જો કે, છેલ્લા બે વર્ષમાં પ્રમોશન કે સીધી ભરતીથી જગ્યાઓ નહી ભરાતાં હાઈકોર્ટે ભારે નારાજગી વ્યકત કરી હતી. સીધી ભરતી જીપીએસસી કરતું હોઈ હાઈકોર્ટે તેને પણ પક્ષકાર બનાવી હતી. હાઈકોર્ટે રાજ્ય સરકારને ગંભીર ટકોર કરી હતી કે, સરકારે વાસ્તવમાં ભરતી માટે કેલેન્ડર બનાવવું જોઈએ. અધિકારીઓ આ મામલે આળસ કરી શકે નહી. જો જિલ્લા ફોરમોમાં સ્ટેનોગ્રાફર, કલાર્ક કે આસીસ્ટન્ટ ડિરેકટર જ ના હોય તો જિલ્લા ફોરમ કામ કેવી રીતે કરશે..? જો જિલ્લા ફોરમ કામ જ ના કરી શકતુ હોય તો પછી તેની રચના કરવો શું મતલબ..? દર વખતે હાઈકોર્ટ ટકોર કરે પછી જ સત્તાવાળાઓ બધી કામગીરી કરતા હોય છે. ભરતી માટે સરકારના પ્રયત્ન નહી, વચન જોઈએ. પ્રમોશન નહી થાય તો સીધી ભરતી કેવી રીતે થશે..? એવો પણ હાઈકોર્ટે સવાલ ઉઠાવી ઓછા મહેકમ અને ભરતીમાં વિલંબિતતા મામલે ગ્રાહક બાબતોના વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી પાસેથી જવાબ માંગ્યો હતો અને કેસની વધુ સુનાવણી દિવાળી બાદ રાખી હતી. જો જિલ્લા ફોરમ કામ જ ના કરી શકતુ હોય તો પછી તેની રચના કરવો શું મતલબ..? દર વખતે હાઈકોર્ટ ટકોર કરે પછી જ સત્તાવાળાઓ બધી કામગીરી કરતા હોય છે. ભરતી માટે સરકારના પ્રયત્ન નહી, વચન જોઈએ. પ્રમોશન નહી થાય તો સીધી ભરતી કેવી રીતે થશે..? એવો પણ હાઈકોર્ટે સવાલ ઉઠાવી ઓછા મહેકમ અને ભરતીમાં વિલંબિતતા મામલે ગ્રાહક બાબતોના વિભાગના પ્રિન્સીપ ાલ સેક્રેટરી પાસેથી જવાબ માંગ્યો હતો અને કેસની વધુ સુનાવણી દિવાળી બાદ રાખી હતી.

### પગારમાં વિલંબ થશે તો ખાતા અધિકારી જવાબદાર

# દિવાળીના તહેવારને અનુલક્ષીને કોર્પોરેશન ઓકટોબરનો પગાર, પેન્શનના વહેલા ચુકવણા કરશે

। (એજન્સી) વડોદરા,તા.૧૨ ।

દિવાળીના તહેવારને અનુલક્ષીને કર્મચારીઓ/પેન્શનરોને ઓકટોબર ૨૦૨૪નો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવા વડોદરા મહાનગર પ ાલિકાના તમામ ખાતાએ જરૂરી કાર્યવાહી કરવાની એકાઉન્ટ વિભાગ દ્વારા જાણ કરવામાં આવી છે.તંત્રએ પરિપત્ર જારી કરતા જણાવ્યું છે કે, બેંક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો માટે આઈ.ટી. શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મસ તાત્કાલિક મોકલી આપવાના રહેશે. પગાર પત્રકો આઈ.ટી. શાખાએથી તા.૧૬-૧૦ના રોજ મેળવી, ઓડીટ શાખામાં તા.૧૮-૧૦ સુધીમાં રજુ કરવાના રહેશે. પત્રકો ઓડીટ કરાવી તા.૨૨-૧૦ સુધી હિસાબી શાખાએ ચુકવણા અર્થે મોકલી આપવાના રહેશે. રોજીંદારી-ખંડ સમયના કર્મચારીઓની અને ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની તા.૨૧ સપ્ટેમ્બરથી ૨૦ ઓકટોબરની હાજરીની માહિતી તા.૨૧.૧૦.૨૦૨૪ના રોજ બપોરે ૧૨ કલાક સુધીમાં આઇ.ટી. શાખાને બિનચૂક મોકલી આપવાની રહેશે. જેના તૈયાર થયેલા પત્રકો તા.૨૩.૧૦ના રોજ બપોરે ૧૨ કલાક બાદ મેળવી ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૨૫-૧૦ સુધી રજુ કરવાના રહેશે.પેન્શનના માહે ઓકટોબરના પત્રક તા.૧૪-૧૦ના રોજ આઇ. ટી. શાખાએથી મેળવી ઓડીટ કરાવી તા.૨૩-૧૦ સુધી ચુકવણા અર્થે હિસાબી શાખાએ રજુ કરવાના રહેશે. સમય મર્યાદા બાદ રજુ કરવામાં આવેલ પગાર પત્રકોનું ચુકવણું દિવાળી પહેલાં થઈ શકશે નહિં અને જે કોઈ પરિસ્થિતિ ઉપસ્થિત થશે.

### અચાનક ઢળી પડતાં સૌ ચોંકી ગયા

# પાર્ટી પ્લોટમાં રાસ રમતાં રમતાં ખેલૈયાને આવ્યો હાર્ટ એટેક

## ડાન્સ ટીચરનું હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું જેને લઇને સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે

। (એજન્સી) અમરેલી,તા.૧૨ ।

હાલમાં ગુજરાતમાં નવરાત્રિ અંતિમ તબક્કામાં છે, મોડી રાત સુધી ગરબે ઘૂમવાની છૂટ આપવામાં આવી છે. ત્યારે આ ખુશીના તહેવારમાં એક ચોંકાવનારી ઘટનાએ માહોલ શોકમગ્ન બનાવી દીધો છે. ધારી ખાતે ગુરૂવારે પાર્ટી પ્લોટમાં ગરબે રમી રહેલા ડાન્સ ટીચરનું હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. જેને લઈને સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ધારી ખાતે આવેલા પાર્ટી પ્લોટમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ગરબા રમી રહેલા ધારીના યુવક જાગૃત ગુર્જર (ઉ.વ.૩૭) ને હાર્ટ એટેક આવ્યો હતો. ત્યારબાદ તે અચાનક ઢળી પડ્યો હતો. જેથી ગરબામાં હાજર સૌ લોકો ચોંકી ગયા હતા અને તાત્કાલિક તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે હોસ્પિટલમાં પહોંચતાં હાજર તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક યુવક છેલ્લા ૧૦ વર્ષ ગરબાની પ્રેક્ટિસ કરાવતો હતો અને ખાનગી શાળામાં ડાન્સ ટીચર તરીકે પણ નોકરી કરતો હતો.

આટલી નાની વયે હાર્ટ એટેક આવતાં સમગ્ર પંથકમાં શોકનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. આ ઘટનાથી સૌ અચંબિત થઈ ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ થોડા દિવસો અગાઉ પુણેમાં 'ગરબા કિંગ' તરીકે ઓળખાતા પ્રખ્યાત ગરબા ડાન્સર અશોક માળીનું તેના પુત્ર સાથે ગરબા રમતી વખતે અચાનક હાર્ટ એટેક આવતા મૃત્યુ થયું હતું. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હતી. આ ઘટનાને લીધે આનંદનું વાતાવરણ શોકમાં પલટાઈ ગયું હતું. માળીને તાત્કાલિક પાસેની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ડૉકટરોએ તેને મૃત ઘોષિત કરાયા હતા.

અશોક માળી તેના નાના પુત્ર ભાવેશ સાથે મળી ગરબાના વિવિધ સ્ટેપ રમી રહ્યા હતા ત્યારે અધવચ્ચે તે અચાનક અસ્વસ્થ થઈ ગયા હતા અને બેભાન થઈ જમીન પર જ ફસડાઈ પડ્યા હતા. અચાનક બનેલી આ ઘટનાથી ત્યાં હાજર લોકો હેબતાઈ ગયા હતા અને અશોક માળીને તરત જ પાસેની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોકટરોએ માળીને મૃત ઘોષિત કર્યા હતા.અશોક માળીના અણધાર્યા અવસાનથી તેના સંબંધીઓ અને મિત્રોમાં શોકની લાગણી ફરી વળી હતી. આવી જ એક ઘટના ચાર દિવસ પહેલા જળગાવમાં બની હતી જેમાં ૨૭ વર્ષના એક યુવકનું ગરબા રમતા હાર્ટએટેક આવવાથી મોત થયું હતું. જ્યાં ફરજ પરના ડોકટરોએ માળીને મૃત ઘોષિત કર્યા હતા.અશોક માળીના અણધાર્યા અવસાનથી તેના સંબંધીઓ અને મિત્રોમાં શોકની લાગણી ફરી વળી હતી. આવી જ એક ઘટના ચાર દિવસ પ હેલા જળગાવમાં બની હતી જેમાં ૨૭ વર્ષના એક યુવકનું ગરબા રમતા હાર્ટએટેક આવવાથી મોત થયું હતું.

# આરોપી મુન્ના બંજારાના ઘરનું પાણી તેમજ ડ્રેનેજ કનેક્શન કાપી નાખવામાં આવ્યું

। (એજન્સી) વડોદરા,તા.૧૨ ।

વડોદરાના ભાયલીમાં નવરાત્રિના બીજા નોરતે સામૂહિક દુષ્કર્મની ઘટનાએ સમગ્ર ગુજરાતમાં ચકચારી મચાવી દીધી હતી. આ ઘટનાને લઈ લોકો આરોપ ીને ફાંસીની સજા તેમજ તેના ઘરને તોડી પાડવામાં આવે તેવી માગ કરી રહ્યાં છે. જોકે, સુપ્રીમ કોર્ટના આદેશના કારણે આરોપીના ઘરને તોડી પાડવામાં નહીં આવે. પરંતુ તંત્ર દ્વારા આરોપી મુન્ના બંજારાના ઘરનું પાણી તેમજ ડ્રેનેજ કનેક્શન કાપી નાખવામાં આવ્યું છે. ભાયલી દુષ્કર્મના આરોપીના નિવાસને અગાઉ પ ાલિકા દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી એકતા નગરમાં આરોપીએ ગેરકાયદે બાંધકામ કર્યું હોવાની વાત સામે આવી હતી. જેના કારણે સ્થાનિકોમાં ભયનો



માહોલ સર્જાયો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે આરોપીઓનું ઘર નહીં તોડવાનો આદેશ આપ્યો હોવાથી હાલ પ ાલિકા દ્વારા આરોપી મુન્ના બંજારાના ઘરનું પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપવાની જ કાર્યવાહી કરી છે. આ વિશે કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું કે, મંજૂરી વિના કનેક્શન જોડવામાં આવશે તો દંડનીય કાર્યવાહી કરવામાં આવશેજોકે, ઘણાં લોકોએ તંત્રની કામગીરી એકતરફી હોવાના પણ આરોપ લગાવ્યા છે. દાહોદમાં ૬ વર્ષની બાળકી સાથે બળાત્કારના પ્રયાસ અને હત્યાના મામલે તંત્ર આટલું સતર્ક જોવા ન હતું મળ્યું. આ સિવાય પાટણમાં બળાત્કારની ઘટનામાં ભાજપ યુવા મોરચાનો મંત્રી પકડાયો હતો. રાજકોટના આટકોટ ખાતે વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ પ્રકરણમાં ભાજપના પદાધિકારીની સંડોવણી ખુલી હતી. વડોદરામાં એક પરિણિતા પર ભાજપના કાર્યકરે બળાત્કાર ગુજાર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ આરોપીના પણ ભાજપના ધારાસભ્ય સાથેના ફોટા રાજકીય કનેક્શનની ગવાહી આપી રહ્યા છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨